**સુવિચાર**
ઘર સંસારની બાબતમાં પાડોશી કે પિયરીયાની સલાહને બદલે પતિની સલાહ માનનાર પત્ની સદા સુખી રહે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૧/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૦૨૭

## જુની પેન્શન યોજનાને લઈને એક વર્ષ પહેલા થયેલ સમાધાન બાદ કાર્યવાહી ન થતાં

# અમરેલી ખાતે સૌરાષ્ટ્રભરનાં શિક્ષકોએ સુત્રોચ્ચાર કર્યા

**૧૩ જિલ્લાનાં શિક્ષકોએ એક દિવસનાં ધરણા કરી સુત્રોચ્ચાર કરીને સરકારને તેની ખાત્રીનું પાલન કરવા માંગ કરાઈ**

**એક વર્ષથી સરકાર કોઈ કાર્યવાહી કરતી ન હોય શિક્ષકોમાં સરકાર સામે નારાજગીનો માહોલ ઉભો થયો**

**ગુજરાત રાજય શિક્ષક સંઘ દ્વારા જુની પેન્શન યોજના લાગુ કરવા તબક્કાવાર આંદોલન કરવાની તૈયારી**

**નાણાકીય સંકટનો સામનો કરતી સરકાર શિક્ષકોની માંગ પૂર્ણ કરે છે કે કેમ તે જોવું રહ્યું**




અમરેલી, તા. ૧૧
અમરેલીના આંગણે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના શિક્ષકો દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે સરકાર વિરૂદ્ધ ધરણાં પ્રદર્શન યોજયું હતું. ગુજરાત રાજય શિક્ષક સંઘ દ્વારા અમરેલીની કોળી સમાજની વાડી ખાતે શિક્ષકો દ્વારા હાથમાં બેનરો સાથે રેલી સ્વરૂપે ધરણાં સ્થળે પહોંચ્યા હતા અને સૂત્રોચાર કરીને અમારી માંગે પૂરી કરોના નાદ સાથે દેખાવો કર્યો હતો. અને શિક્ષકો દ્વારા ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલાની જૂની પેન્શન યોજના સરકાર સાથે સમાધાન થયાને ૧ વર્ષ જેવો સમય ગાળો વીતવા છતાં પણ સરકાર દ્વારા જૂની પેન્શન યોજનાનો પરિપત્ર ના કરતા આજે અમરેલી ખાતે ૧૩ જિલ્લાના શિક્ષકો ઉમટી પડયા હતા ને સરકાર વિરૂદ્ધ ઉગ્ર રોષ સાથે સૂત્રોચાર અને ધરણાં યોજાયા હતા. અને ગુજરાત રાજય શિક્ષક સંઘ દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા મક્કમ નિર્ધાર સાથે આંદોલનનો અધ્યાય અમરેલીથી આરંભ કર્યો હતો.

સૌરાષ્ટ્ર જોનના ૧૩ જિલ્લાના શિક્ષકો આજે અમરેલી ખાતેથી સરકાર વિરૂદ્ધ જૂની પેન્શન યોજના લાગુ કરવા આંદોલન શરૂ કરાયું છે જે તબક્કાવાર અન્ય જિલ્લાઓમાં કરીને સરકાર સામે શિક્ષકો મેદાનમાં ઉતર્યા છે. ત્યારે હવે સરકાર જૂની પેન્શન યોજના લાગુ કરે છે કે કેમ તે જોવું રહ્યું.

## ધારી ખાતે આવેલ સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં આકરી સજા

# દલખાણીયાનાં વતની અને લોધીકાનાં મેટોડા ગામે રહેતા શ્રમિકની સગીર વયની દીકરી ઉપર અત્યાચારનાં કેસનાં આરોપીને ૨૦ વર્ષની સજા

**સરકાર પક્ષે એડવોકેટ વિકાસ વડેરની ધારદાર દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૧
ધારી તાલુકાના દલખાણીયા ગામના વતની અને હાલ રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના મેટોડા ગામે રહેતા એક શ્રમિકની ૧૭ વર્ષિય દીકરીને આરોપી અજયભાઈ અનિલભાઈ ડાભી (રહે. મેટોડા તા.જી. રાજકોટ) વાળા સાથે પ્રેમ સંબંધ હોય. ત્યારે તરૂણીની સગાઈ અન્ય જગ્યાએ થવાની હોય ત્યારે તેણી ધારી ખાતે પોતાના માતા–પિતા સાથે આવેલ. ત્યારે તેણીને ધારીના લાયબ્રેરી ચોક ખાતેથી ભોગ બનનાર તરૂણીને તેણી સગીર હોવાનું જાણવા છતાં આરોપી તેણીના વાલીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ગત તા. ૧૭/૮/૨૧ ના રોજ અપહરણ કરી લઈ જઈ ગુન્હો કરેલ હોય. જે અંગે તા. ૧૯/૮/૨૧ના રોજ ધારી પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ ધારી ખાતે આવેલ સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ વિકાસ વડેરાની દલીલોને કોર્ટે માન્ય રાખી સ્પે. કોર્ટના જજ એમ.એન. શેખ દ્વારા આરોપી અજયભાઈ અનિલભાઈ ડાભીને આઈ.પી.સી. ૩૭૬માં તથા પોકસો ૬માં ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧ લાખનો દંડ તેમજ પોકસો ૪ માં આરોપીને ૧૦ વર્ષની કેદ તથા ૨૫ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચૂકવવા પણ કોર્ટે આદેશ કર્યો હતો.

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# રાજુલામાં જાહેરમાં જુગાર રમતા ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૧
અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ રાજુલા ટાઉનમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે રાજુલા ટાઉનમાં બાવળીયાવાડી વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા રાજુલા તાલુકાના ઉચૈયા ગામે રહેતા બીસુભાઈ એભલભાઈ બેપારીયા, મધુભાઈ જગાભાઈ જેઠવા, (રહે.રાજુલા), રફીકભાઈ હસનભાઈ ઝાખરા, (રહે.રાજુલા), બાવળીયાવડી, તથા ડોસલભાઈ ઓઘડભાઈ ખુમાણ, (રહે.માલકનેસ, તા.ખાંભા) સહિત ચાર ઈસમોને જુગાર રમતા રોકડ રકમ, રોકડા રૂપિયા ૧૧,૨૦૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ગાંધીનાં ગુજરાતમાં અવનવા નશાકારક પદાર્થનું ઉત્પાદન, વેંચાણ અને સેવન વધતા ચિંતા

# હે રામ : બગસરાનાં જામકા ગામે ભાગવુ રાખેલ ખેતરમાં લીલા ગાંજાનાં છોડ વાવણી કરનાર શખ્સ ઝડપાયો

**એસ.પી.ની સુચનાથી એસઓજીએ ૨૨ કિલો ગાંજાનો જથ્થો ઝડપી લીધો**

અમરેલી, તા. ૧૧
બગસરા તાલુકાનાં જામકા ગામે આરોપીએ ભાગવુ રાખેલ કબ્જા ભોગવટાની વાડી/ખેતરમાં કપાસની આડમાં વાવેતર કરેલ ગેરકાયેસર માદક પદાર્થ વનસ્પતિજન્ય ગાંજો ૨૨ કિલો ૧૨૬ ગ્રામનો જથ્થો તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિ. રૂા. ૨,૨૬,૨૬૦ના મુદ્દામાલ સાથે એક આરોપીને અમરેલીએસ.ઓ.જી. ટીમે ઝડપી લીધેલ છે.



વિગત એવા પ્રકારની છે કે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જામકા ગામે રહેતા રસીકભાઈ મધુભાઈ રામાણીનું ભાગવું રાખી મજુરી કામ કરતો દીલીપભાઈ સામાભાઈ પારગી રહે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S)
ધો. ૧૧/ધો. ૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : 94272 49256
શ્રી તુન્ની વિદ્યામંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.-૩૬૫૬૦૧

BOSCH
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

AIMS-એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપલરની સુવિધા
• કોમ્પ્યુટરાઈઝ્ડ સ્ટ્રેસ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology) Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

AIMS-એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ
• ડાયાબિટીસ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
• દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
• (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
• મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
• કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુઃખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
• પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયૂર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

NCT
NETRA CHIKITSA AYURVED COLLEGE
CHITTAL ROAD, AMRELI, GUJARAT 365601
REQUIREMENT OF TEACHING STAFF
Netra Chikitsa Ayurved College invites applications for the following TEACHING STAFF for BAMS Course

| Sl no | Name of the post | Department | Nos |
|---|---|---|---|
| 1 | Assistant professor | Rasasatra & Bhaishayakalpana | 1 |

1) Above mentioned posts are on regular basis.
2) Educational qualification and Experience required (If) are as per the Recruitment Rules of Gujarat Ayurved University, Jamnagar.
3) Detailed advertisement, recruitment rules and other details can be found on https://www.nctayurvedcollege.in/ and www.ayurveduniversity.edu.in
4) In service candidate should attach no objection certificate or produce it at the time of interview.
5) Registration at GBAU will be mandatory for the out of state applicants
6) Salary according to NCISM norms.
7) Contact 9746113833
9978966629

Date : 06-01-2024
Management

Netra Chikitsa Ayurved College
Chittal Road, Amreli, Gujarat
365601

આમ આદમીનું અખબાર

અમરેલી amreli express એકસપ્રેસ



આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક
લવાજમ યોજના
૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...

સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી
(સાવરકુંડલા)

સાવરકુંડલા શહેરમાં "અમરેલી એકસપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.

કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧–સાવરકુંડલા

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪
થી
તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


### દરિયાકાંઠા વિસ્તારમાં વાહનમાંથી ચોરીનું પ્રમાણ વધ્યું

# રાજુલા : છતડીયા ગામે હેલીપેડ પાછળ બલ્કરમાંથી ડીજીટલ કાંટાની ચોરી કરનારની અટકાયત

### સ્થાનિક પોલીસ ટીમે ગણતરીની કલાકોમાં કરી કાર્યવાહી

અમરેલી, તા. ૧૧

રાજુલાના છતડીયા ગામે હેલીપેડ પાછળ આવેલા ચીરાજ પ્રોજેકટ પ્રાઈવેટ લીમિટેડ કંપનીના મેદાનમા પાર્ક કરેલા બલ્કરના કેબીનમાંથી બલ્કરનો ડિઝીટલ મીટર કાંટો ચોરી કરનાર આરોપીને ગણતરીના કલાકોમા પકડી પાડી રાજુલા પોલીસ ટીમે ભેદ ઉકેલી નાખેલ છે.

વિગત એવા પ્રકારની છે કે ગત તા.૮ના રાત્રીના બે વાગ્યાથી સાત વાગ્યાના અરસામા છતડીયા ગામે હેલીપેડની પાછળ આવેલ ચીરાજ પ્રોજેકટ પ્રાઈવેટ લીમિટેડ કંપનીના મેદાનમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી મેદાનમાં પાર્ક કરેલ બલ્કરના કેબીનમાંથી બલ્કરનો ડિઝીટલ મીટર કાંટો કિમત રૂપિયા ૨૫૦૦૦ ની ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ હોય જે અંગેની ફરીયાદના આધારે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડાની રાહબરી હેઠળ ચોરી કરી નાસી ગયેલ આરોપીની ખાનગી બાતમીદારો મારફતે ચોકકસ બાતમી તથા ટેકનીકલ મદદ મેળવી ઉપરોકત ગુન્હાને અંજામ આપનાર આરોપી જયરાજભાઈ ભીમભાઈ ખુમાણ(રહે. જુના માલકનેસ તા.ખાંભા) તથા ચોરીમા ગયેલ બલ્કરનો ડિઝીટલ મીટર કાંટો રૂપિયા ૨૫૦૦૦ના મુદ્દામાલ સાથે ગણતરીની કલાકોમા પકડી પાડી ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કરી રાજુલા પોલીસ ટીમ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામા આવેલ છે.

### આરોપી સકિલભાઈ શેખ વિરૂદ્ધ ફરિયાદ

# અમરેલીનાં રાંઢીયા ગામનાં ખેડૂત યુવક અને અન્ય લોકોને જાહેરમાં ગાળો આપી

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના રાંઢીંયા ગામે રહેતા સકિલભાઈ યુનુસભાઈ શેખ નામના આરોપીને ગત તા. ૧૦ ના બપોરના સમયે રાંઢીયા ગામના કોઈ વ્યકિત સાથે બોલાચાલી થયેલ ત્યારે તે જ ગામે રહેતા મયુરભાઈ સાવલિયા નામના ૨૮ વર્ષિય ખેડુત રાત્રીના સાડા દશેક વાગ્યે રાંઢીંયા ગામમાં માવો ખાઈને પોતાના ઘર તરફ જતા હતા. ત્યારે આરોપી મોટર સાયકલ લઈને ખેડૂત યુવકને સામે મળેલ, ત્યારે આરોપીએ તમામ લોકોને જાહેરમાં જોર જોરથી ગાળો આપતા હોય, જેથી ખેડૂત યુવકે આરોપીને આખા સમાજના બધા લોકોને ગાળો દેવાની ના પાડતા, આરોપી ખેડૂત યુવકને ગાળો આપવા લાગેલ જેથી પોતાને ગાળો દેવાની ના પાડતા આરોપીએ પોતાના મોટર સાયકલમાં રહેલ લોખંડનો સળીયો ખેડૂત યુવકેને જાનથી મારી નાખવાના ઈરાદે તેના તરફ દોડી જઈ, અને લોખંડના સળીયાનોએક ઘા છાતીના ડાબી બાજુ ઉપરના ભાગે મારી દેતા લોખંડનો સળીયો ખેડૂત યુવકની છાતીમાં ખુચી ગયેલ હતો અને છાતીનાં છઠ્ઠા પાંસળામાં ફેકચર થઈ ગયેલ હતું. અને આરોપીએ જાહેરમાં અને આ ખેડૂત યુવકને ભુંડી ગાળો આપ્યાની અને જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત

# જેશીંગપરા કુમાર અને કન્યા શાળામાં ડીજીટલ સ્માર્ટ બોર્ડ અનાવરણ અને વિદ્યાર્થીઓને ટેબ્લેટનું વિતરણ કરાયું

### પાલિકા પ્રમુખ બિપિન લીંબાણી, અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં કાર્યરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત કાર્યરત પ્રાથમિક શાળાઓ પૈકી જેશીંગપરા કુમારશાળ ા અને જેશીંગપરા કન્યાશાળા સ્કૂલ ઓફ એકસેલન્સમાં પસંદ થયેલ હોય. આ બંને શાળામાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ડીઝીટલ માધ્યમથી બાળકો પણ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી આધુનિક સ્માર્ટ ડીજીટલ બોર્ડ સરકાર ધ્વારા આપવામાં આવ્યા હોય. જેનું અનાવરણ અમર ડેરીના વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું તેમજ વિદ્યાર્થીઓને સ્માર્ટ ડીજીટલ અભ્યાસમાં મદદરૂપ થાય એ માટે એઆઈએફના સહયોગથી ધો. ૭ ના વિદ્યાર્થીઓનો ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો. જેમાં નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, ઉપપ્રમુખ બીનાબેન કાલેણા, કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજિયા, દંડક દિલાભાઈ વાળા, બાંધકામ સમિતિ ચેરમેન સંદીપભાઈ માંગરોળિયા, શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ, શાસનાધિકારી એ.એચ. જોષી, શાસક પક્ષ નેતાના પ્રતિનિધિ વિશાલભાઈ ઠાકર, આચાર્ય, શિક્ષકો, વાલીગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની યાદી જણાવે છે.

# સાવરકુંડલા : કાણકિયા કોલેજમાં નટવર ગાંધી (USA) નું વ્યાખ્યાન યોજાયું



અહેવાલ : પ્રતાપ ખુમાણ, તસ્વીક : કેવલ વેલાણી–સાવરકુંડલા

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલામાં તા.૧૧/૧/૨૪, ગુરૂવારના રોજ નટવર ગાંધી (સાવરકુંડલા વાસી, ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ તેમજ યુએસએની સરકારમાં પૂર્વ અધિકારી)નું વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ.ડો. એસ.સી. રવિયા દ્વારા પ્રસંગિક ઉદબોધન કરી મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ તેમજ મુખ્ય વકતા નટવર ગાંધી, અતિથિ વિશેષ રતિલાલ બોરીસાગર (સાવરકુંડલા વાસી, પૂર્વ નાયબ નિયામક ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ –ગાંધીનગર તેમજ સાહિત્યકાર), હરેશભાઈ મહેતા (પ્રમુખ, વિદ્યાગુરૂ ફાઉન્ડેશન–સાવરકુંડલા), ડો. નિલેશ રાણા (યુએસએ), જે.બી. વોરા (પૂર્વ આઈએએસ, કાણકિયા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી), તમામ મહાનુભાવોનું નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી/કામદાર, કનુભાઈ ગેડિયા (ટ્રસ્ટી) દ્વારા પુષ્પગુચ્છ, શાલ તથા મોરારીબાપુના પુસ્તકની ભેટ આપી સન્માન કરવામાં આવેલ. રતિલાલ બોરીસાગરે નટવર ગાંધી તથા ડો. નિલેશ રાણાનો સંક્ષિપ્ત પરિચય આપેલ. કાર્યક્રમના મુખ્ય વકતા નટવર ગાંધીએ પોતાના વતન સાવરકુંડલાથી યુએસએ સુધીની પોતાની જીવન સફર વિશે રસપ્રદ વાતો કરેલ. જીવનમાં વાંચન, સાહિત્ય કઈ રીતે ઉપયોગી છે, સાચી કેળવણી આપે છે તે તેમણે દ્રષ્ટાંતો દ્વારા જણાવેલ. યુરોપ કે વિના અન્ય દેશો કરતા ભારત પાસે રહેલું યુવાધન ભારતને કઈ રીતે વિ સત્તા–મહાસત્તા તરીકે આગળ લઈ જશે તે બાબતે તેમણે પોતાના વાસ્તવિક દ્રષ્ટિકોણ પણ રજૂ કરેલ તેમજ તેમણે કરેલા સાહિત્ય ખેડાણની કેટલીક કૃતિઓ પણ તેમણે રજૂ કરેલ. વ્યાખ્યાનના અંતમાં વિદ્યાર્થીઓ સાથેની પ્રશ્નોત્તરીમાં પણ તેમણે પોતાના અનુભવના નીચોડ રૂપે વૈકિ અર્થવ્યવસ્થા વિશે પોતાના મંતવ્યો આપેલ. ડો. નિલેશ રાણા દ્વારા પણ ટૂંકા અને મનનીય પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં લક્ષ સુધી પહોંચવા આહવાન કરેલ. વિદ્યાર્થી કેળવણીના આ કાર્યક્રમમાં વિદ્યાગુરૂ ફાઉન્ડેશન–સાવરકુંડલાના રમેશભાઈ જૈન (ટ્રસ્ટી), દિવ્યકાન્તભાઈ સુચક (સેક્રેટરી), ભરતભાઈ જોશી (માનદ મંત્રી), ડો. પ્રકાશભાઈ કટારીયા (એડમીન), ડો. પાંડવ (પૂર્વ એડમીન) તેમજ દેશ–વિદેશથી પધારેલ વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિ રહેલ. હરેશભાઈ મહેતાએ માઈક્રો મેનેજમેન્ટ દ્વારા કઈ રીતે સફળતા મેળવી શકાય તેમજ ૧૦% મોબાઈલ અને ૯૦% પુસ્તકોનો ઉપયોગ કરી કઈ રીતે જીવન ઘડતર કરી શકાય તે વિશે વાત કરી કાર્યક્રમમાં અંતમાં આભાર વિધિ કરેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રિ.ડો. એસ.સી. રવિયા તથા સમગ્ર સ્ટાફ ગણે જહેમત ઉઠાવેલ.

### શહેરનાં હાર્દસમા વિસ્તારમાંથી શહેરીજનોને અવરજવર કરવામાં મુશ્કેલી

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતામાં પશુમેળો અને રોડતોડનો માહોલ

માર્ગની વચ્ચોવચ મોટી સંખ્યામાં રખડતા પશુઓ ટોળે વળી બેસતા હોવાથી વાહન ચલાવવામાં પરેશાની

તાજેતરમાં જ સિમેન્ટ માર્ગ બનાવાયો અને રાબેતા મુજબ તોડફોડ પણ શરૂ કરવામાં આવી

શહેરીજનો પરસેવાનાં પૈસાથી પાલિકાથી લઈને સરકારની તિજોરી છલકાવે છતાં સુપરકક્ષાની સુવિધા અપાતી નથી

જનપ્રતિનિધિઓ આલીશાન કારમાં પસાર થઈ જતાં હોવાથી આમ આદમીની વેદના તેઓ અનુભવી શકતા નથી






અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરનાં ગૌરવસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં છેલ્લા પાંચ કરતાં પણ વધારે વર્ષોથી માર્ગની વચ્ચે રેઢીયાળ પશુઓ અડિંગો જમાવીને બેસતા હોય શહેરીજનો ખાસ કરીને બાળકો, મહિલાઓ અને વૃધ્ધોને પસાર થવામાં મુશ્કેલી થઈ રહી છે છતાં પણ પાલિકા કે ટ્રાફિક વિભાગ ધ્વારા પશુઓને હટાવવા કે સલામત સ્થળે ખસેડવાની કોઈ કાર્યવાહી થતી નથી.

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં પશુઓનાં થતાં ટોળાની સમસ્યા ઉકેલાઈ નથી તેવા જ સમયે તાજેતરમાં પાલિકા ધ્વારા બનાવાયેલ સિમેન્ટ રોડમાં પણ રાબેતા મુજબ તોડફોડ કરવામાં આવતાં શહેરીજનો ખુલ્લેઆમ કહે છે કે જયારે પણ માર્ગ નવો બને એટલે કોઈને કોઈ વિભાગ કે વ્યકિત ધ્વારા માર્ગને તોડવામાં આવી રહ્યું છે તેનું કારણ સમજાતું નથી.

અમરેલીનાં શહેરીજનો દિવસ–રાત પરસેવો પાડીને જે મહેનતની કમાણી કરે છે તેમાંથી લગભગ ૨૦ થી ૩૦ ટકા જેવી રકમ પાલિકાથી લઈને રાજય અને કેન્દ્ર સરકારની તિજોરીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે જમા કરાવી રહી છે. જેના બદલામાં સરકારનાં પ્રતિનિધિઓએ જલ્સા કરવાની નથી પરંતુ જનતાને સારા માર્ગો, શિક્ષણ, આરોગ્ય, કાયદો અને વ્યવસ્થા, સુરક્ષાની સુવિધા આપવાની હોય છે. પરંતુ તે પ્રકારે વળતર જનતાને મળતું નથી.

અમરેલીનાં મહત્વનાં જનપ્રતિનિધિઓ આલીશાન કારમાં ડો. જીવરાજ મહેતા ચોકમાંથી પસાર થતાં હોવાથી તેઓને નગર સેવકથી લઈને સાંસદ સુધી પહોંચાડનાર જનતાની શું હાલત છે તેનો અંદાજ મળતો નથી અને આ બાબત લોકશાહી શાસન વ્યવસ્થામાં ચિંતાજનક બની રહી છે.

### સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર જગાવતી ઘટનાનાં અનેક રહસ્યો ખૂલી રહ્યા છે

# ઉના ચેક પોસ્ટકાંડમાં ઝડપાયેલ વહીવટદાર નિલેશ તડવીનો પરિવાર વતનમાં જવા રવાના

### હજુ પણ પીઆઈ સહિતનાં આરોપીઓ ભૂર્ગભમાં


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૧

ગીર સોમનાથની ઉના ચેક પોસ્ટ પર એસીબી દરોડા દરમિયાન એસીબીના હાથે રંગેહાથ ઝડપાયેલા પીઆઈના કથિત વહીવટદાર નિલેશ તડવીને રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટમાં રજૂ કરાયો હતો. એસીબીએ વધુ રિમાન્ડના માંગતા કોર્ટે જૂનાગઢ જેલહવાલે કરવા હુકમ કર્યો છે. બીજી તરફ એસીબી દ્વારા ઉના પીઆઈ નિલેશ ગોસ્વામી, એએસઆઈ નિલેશ મૈયાને વહીવટદાર નિલેશ તડવી વિરૂદ્ધ ગુન્હો દાખલ થતાં ઉના પીઆઈ નિલેશ ગોસ્વામી, એએસઆઈ નિલેશ મૈયા ભૂગર્ભ ઉતરી ફરાર થઈ ગયા છે. આગામી દિવસોમાં એસીબી દ્વારા વધુ ઘટસ્ફોટની શકયતા વર્તાઈ રહી છે.

ઉના પોલીસ તાબા હેઠળની અહેમદપુર માંડવી ચેકપોસ્ટ ઉપર પોલીસ વિભાગના કર્મચારીઓ દ્વારા સંઘ પ્રદેશ દીવમાંથી દારૂ ગેરકાયદે ઘુસાડવા તેમજ ભ્રષ્ટાચાર આચરી મોટી રકમનો તોડ કરતા હોવાની ફરિયાદ આધારે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગત તારીખ ૩૦ ડિસેમ્બરના રોજ ડી કોઈ રેડ કરવામાં આવી હતી અને આ સમયે ઉના પીઆઈનો કથિત વહીવટદાર નિલેશ તડવી એસીબીના હાથે રંગે હાથ ઝડપાઈ ચુકયો હતો. ત્યારબાદ એસીબી દ્વારા ચાર દિવસની સઘન તપાસ બાદ ઉના પોલીસ ઈન્સ્પેકટર નિલેશ ગોસ્વામી અને એએસઆઈ નિલેશ મૈયા વિરૂદ્ધ નકર પુરાવા મળતા ઝડપાયેલ નિલેશ તડવી સહિત ત્રણેય વિરૂદ્ધ એસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા મનોરસિંહ જાડેજા દ્વારા પણ એસીબીના રિપોર્ટ બાદ એકશન મોડમાં આવ્યા છે. ઉના પીઆઈ નિલેશ ગોસ્વામી, એસઆઈ નિલેશ મૈયા આ ઉપરાંત રજા મૂકયા વિનાના ગેરહાજર અને એસીપીની રડારમાં રહેલા એચસી મહેશ ગોહીલ, એચસી અભેસિંહ ચૌહાણ, પીસી ઉદયસિંહ ગોહીલ, પીસી હિરેન જોશી, પીસી રમેશ રાઠોડને જિલ્લા પોલીસ વડાએ પનિશમેન્ટના ભાગરૂપે તમામની જિલ્લા હેડકવાટર ખાતે બદલી કરી દેવામાં આવી છે અને ખાતાકીય તપાસના પણ આદેશ કરી દેવામાં આવ્યા છે.

ત્યારે હવે જોવું રહ્યું કે આ પોલીસ અધિકારી અને કર્મચારીઓ કેટલો સમય ભૂગર્ભમાં રહે છે અને ફરાર રહે છે. આગામી દિવસોમાં એસીબી આ તમામ ભ્રષ્ટાચારીઓને ઝડપી લેવા માટે કેવી કડક કાર્યવાહી કરે છે તે તો સમયે જ બતાવશે.

પરંતુ એસીબીની રેડ બાદ પોલીસ વિભાગમાં હડકંપ મચી ગયો છે. ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ ને કર્મચારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. એસીબીની તપાસ કેટલા અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓને ઝપટમાં લે છે તે જોવું રહ્યું. હાલ તો એસીબીના હાથે ઝડપાયેલ ઉના પીઆઈના કઠિત વહીવટદાર નિલેશ તડવીના રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે જયુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપેલ છે.

## બાબરા : કિસાન સંઘનાં અગ્રણીએ ધારાસભ્યને ખેડૂતોનાં પ્રશ્ને રજૂઆત કરી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

ભારતીય કિસાનસંઘ તાલુકા પ્રમુખ ભાનુભાઈ પાનસેરીયાએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને ખેડૂતોના કપાસના સારા ભાવ મળે તે માટે રજુઆત સરકારને કરવા જણાવ્યું અને સરકાર ખેડૂતોને માટે સારાભાવ નહીં આપે તો ખેતી પ્રધાન ભારત દેશમાં ખેડૂત ખેતીથી દૂર ભાગતો રહેશે. માટે સરકાર ખેડૂતોએ પકાવેલ જણસીના પુરા ભાવ તરફ ધ્યાન આપે એવી રજુઆત રૂબરૂ કરી હતી.

તેની સામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ખેડૂત આગેવાનની રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળીને ખેડૂતને ફાયદો થાઈ અને ખેડૂત સમૃદ્ધ બને એવા પ્રયત્નો અમારી સરકાર કરે છે અને વધુ જગતનો તાત સમૃદ્ધ બને તે માટે કૃષિ મંત્રીને પણ રજૂઆત કરશે.

### પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરનાં હસ્તે

# બાબરામાં તાલુકા કક્ષાનાં ખેલ મહાકુંભનો ઉત્સાહભેર પ્રારંભ

### પંચશીલ વિદ્યાલય ખાતે કાર્યક્રમનો પ્રારંભ

બાબરા, તા. ૧૧

બાબરામાં પંચશીલ વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાના ખેલમહાકુંભનો દબદબાભેર પ્રારંભ નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા કરવામાં આવ્યો હતો. અહીં તા ૧૧ થી ૧૯ જાન્યુઆરી સુધી ખોખો કબડ્ડી, ચેસ, એથ્લેટિક સહિતની રમતોમાં તાલુકાની સરકારી ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓના વિધાર્થીઓ દ્વારા ઉત્સાહ પૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, પંચશીલ વિદ્યાલયના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર, મહેશભાઈ કોરાટ, અરવિંદભાઈ ધોળકિયા સહિત શાળાના આચાર્ય તેમજ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા






















### દેશમાં લોકોની સારવારનો ખર્ચ વધી શકે છે

# ભારતમાં સસ્તી દવાઓનો સપ્લાય આગામી દિવસોમાં બંધ થઈ શકે છે

## વાસ્તવમાં દવાઓના ઓછા પુરવઠાને કારણે, થોડા સમય પછી તેની કિંમતોમાં વધારો થવાની સંભાવના છે

નવી દિલ્હી, તા.૧૧

ભારતને વિશ્વની ફાર્મસી કહેવામાં આવે છે. સસ્તી દવાઓ બનાવવામાં ભારતની બરાબરી નથી, પરંતુ આવનારા દિવસોમાં આ વાસ્તવિકતા બદલાઈ શકે છે. દેશમાં લોકોની સારવારનો ખર્ચ વધી શકે છે, કારણ કે દવાઓની કિંમતો વધવાની શક્યતા છે. વાસ્તવમાં, દવાઓના ઓછા પુરવઠાને કારણે, થોડા સમય પછી તેની કિંમતોમાં વધારો થવાની સંભાવના છે. વાસ્તવમાં, સ્વાસ્થ્ય મંત્રાલયે ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે કેટલાક નિયમો બનાવ્યા છે, જે તેમની ફેક્ટરીઓ ચલાવવાની માનક પદ્ધતિઓ (SOPs) સાથે સંબંધિત છે. આ નિયમોના કારણે દેશમાં સસ્તી દવાઓનું ઉત્પાદન કરતી ઘણી નાની કંપનીઓને ફેક્ટરી બંધ થવાનો ખતરો છે.

આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં ફાર્માસ્યુટિકલ ફેક્ટરીઓની કામ કરવાની પદ્ધતિઓ અંગે બનાવેલા સુધારેલા નિયમો 'શિડ્યૂલ-એમ' અંગે નોટિફિકેશન બહાર પાડ્યું છે. તે જણાવે છે કે ફાર્માસ્યુટિકલ કંપનીઓની ઓફિસ કેટલી મોટી હોવી જોઈએ, ફેક્ટરી કેટલી મોટી હોવી જોઈએ, કયા પ્લાન્ટ અને કયા સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. આ તમામની વિગતો આપવામાં આવી છે. ઉપરાંત ઔષધ ઉત્પાદન માટે કઈ કઈ સારી પદ્ધતિઓ છે તેની પણ માહિતી આપવામાં આવી છે. ફાર્માસ્યુટિકલ કંપનીઓએ દર વર્ષે ક્વોલિટી રિવ્યૂ અને ક્વોલિટી રિસ્ક મેનેજમેન્ટની પણ સમીક્ષા કરવી પડશે.જેના કારણે દેશની ઘણી નાની અને મધ્યમ દવા કંપનીઓ બંધ થવાનો ખતરો છે. તે કંપનીઓ પાસે આમાંના ઘણા નિયમોનું પાલન કરવા માટે પૂરતા સંસાધનો નથી. આવી સ્થિતિમાં દવાઓની અછત અનિવાર્ય છે. તેનાથી દવાઓના ભાવમાં વધારો થશે. ગયા વર્ષે જુલાઈમાં, આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ સ્પષ્ટ કર્યું હતું કે માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ (MSME) ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે 'શેડ્યૂલ-સ' ફરજિયાત બનાવવામાં આવશે. તેનો તબક્કાવાર અમલ કરવામાં આવશે. સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે જે કંપનીઓનું એક વર્ષમાં ૨૫૦ કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર છે તેમણે ૧ ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં આ નિયમોનું પાલન કરવું પડશે. જ્યારે નાની કંપનીઓને એક વર્ષનો સમય મળશે.

### વિશ્વભરમાં ભૂકંપના આંચકાનો દોર યથાવત

# દિલ્હી સહિત દેશના ચાર રાજ્યોમાં ૬.૨ની તીવ્રતાનો ભૂકંપ

## ભૂકંપનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના ફૈઝાબાદમાં નોંધાયું

નવી દિલ્હી, તા.૧૧

આજે (ગુરુવાર) દિલ્હી - એનસીઆર, હરિયાણા, પંજાબ, જમ્મુ કાશ્મીર સહિતના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આ આંચકા ઘણીવાર સુધી અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના ફૈઝાબાદમાં નોંધાયું હતું અને હિંદુકુશ વિસ્તારમાં રિકટર સ્કેલ પર ૬.૨ની તીવ્રતા નોંધાઈ. આ ભૂકંપના આંચકા બપોરે ૨:૫૦ મિનિટ પર અનુભવાયા હતા.

મહત્વનું છે કે, આ સિવાય જમ્મુ કાશ્મીરના પુંછ જિલ્લાના પીર પંચાલ વિસ્તારના દક્ષિણમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે, હજુ સુધી કોઈ નુકસાનીના સમાચાર મળી રહ્યા નથી.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ભૂકંપ દરમિયાન ડરો નહીં, શાન રહો. ટેબલ નીચે જાઓ અને એક હાથથી પોતાના માથાને ઢાંકો. બહાર આવ્યા બાદ બિલ્ડિંગ્સ, વૃક્ષોથી દૂર રહો. આ સિવાય લિફ્ટનો ઉપયોગ ન કરો. તમે ગાડીની અંદર છો તો તેને રોકીને આંચકા અટકે ત્યાં સુધી અંદર જ રહો.

### રાજનાથ સિંહ હાલ બ્રિટનના પ્રવાસે છે

# વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત બની શકે છે વિકસિત રાષ્ટ્ર : રક્ષા મંત્રી

## ભારત બ્રિટન સાથે સમૃદ્ધ ભાગીદારી ઈચ્છે છે : ભારત અને બ્રિટનના સંબંધો ઘણા સારા રહ્યા છે : રાજનાથસિંહ

લંડન, તા.૧૧

ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહ હાલ બ્રિટનના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે ચીન વિશે એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે ભારત ચીનને પોતાનો હરીફ નથી માનતું. કદાચ ચીન એવું માને છે. રાજનાથ સિંહે કહ્યું કે અમે કોઈને અમારા હરીફ નથી માનતા. ૨૦૨૦માં, બંને વચ્ચે સામસામે લડાઈ થઈ અને અમારા સૈનિકોએ ચીનના સૌનિકોને માત આપી હતી.

તેમણે કહ્યું કે કદાચ આ જ કારણ છે કે ચીનનું ભારત પ્રત્યેનું વલણ બદલાયું છે. તેઓ સમજી ગયા છે કે ભારત હવે નબળું નથી. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે પહેલા આપણે સંરક્ષણ સાધનોના સૌથી મોટા આયાતકાર હતા, પરંતુ હવે આપણે સંરક્ષણ વસ્તુઓની નિકાસના મામલે ટોચના ૨૫ દેશોમાં છીએ.

સાથે જ બ્રિટનને લઈને રાજનાથ સિંહે કહ્યું કે ભારત બ્રિટન સાથે સમૃદ્ધ ભાગીદારી ઈચ્છે છે. તેમણે કહ્યું કે ભારત અને બ્રિટનના સંબંધો ઘણા સારા રહ્યા છે. બંને દેશ સાથે મળીને મહાન કામ કરી શકે છે. યુકેના સંરક્ષણ પ્રધાન ગ્રાન્ટ શૅપ્સ સાથે યુકે-ઈન્ડિયા ડિફેન્સ ઈન્ડસ્ટ્રીના સીઈઓ રાઉન્ડટેબલની સહ-અધ્યક્ષતા કરતા રાજનાથ સિંહે જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત સતત આગળ વધી રહ્યું છે.

તેમણે કહ્યું કે ભારતની અર્થવ્યવસ્થા સતત વધી રહી છે. ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બની શકે છે. આ દરમિયાન રાજનાથ સિંહે ભારત અને બ્રિટન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર મૂક્યો હતો. તમને જણાવી દઈએ કે બ્રિટનની મુલાકાત દરમિયાન રાજનાથ સિંહ બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક, રક્ષા મંત્રી ગ્રાન્ટ શૅપ્સ અને વિદેશ મંત્રી ડેવિડ કેમરન સહિત ઘણા નેતાઓને મળ્યા હતા.

### લાસ વેગાસમાં કન્ઝ્યુમર્સ ઈલેક્ટ્રોનિક્સ શો

# ઈનફિનિક્સે પોતાની ત્રણ નવી ટેક્નોલોજીનું પ્રદર્શન કર્યું

## સ્માર્ટફોન કલર ચેન્જીંગ ટેક્નોલોજી ઈ-શિફ્ટ, એર ચાર્જ અને ઈનફિક્સ એક્સ્ટ્રીમ-ટેમ્પ રજૂ કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૧

હાલમાં લાસ વેગાસમાં કન્ઝ્યુમર્સ ઈલેક્ટ્રોનિક્સ શો ચાલી રહ્યો છે. આ જે આ શો નો ત્રીજો દિવસ છે. કંપનીઓ આ શો માં પોતાના અલગ પ્રોડક્ટ્સને લોન્ચ કરી રહી છે.

તેમાં ઈનફિનિક્સે પોતાની ત્રણ નવી ટેક્નોલોજીઓનું પ્રદર્શન કર્યું છે. કંપનીએ સ્માર્ટફોન કલર ચેન્જીંગ ટેક્નોલોજી ઈ-શિફ્ટ, એર ચાર્જ અને ઈનફિક્સ એક્સ્ટ્રીમ-ટેમ્પ રજૂ કર્યું છે.

ઈનફિનિક્સે શો માં ઈ-ઈંક પ્રિસમ ટેક્નોલોજી રજૂ કરી છે. આ ટેક્નોલોજીની સાથે કંપનીએ દાવો કર્યો છે કે, ફોનના બેક પેનલનો કલર બદલી શકાય છે.

તેના માટે જિવાઈસ પાવર પણ કન્ઝ્યુમ નથી કરતું. યૂઝર્સ આ ટેક્નોલોજી સાથે પોતાના ડિવાઈસને પર્સનલાઈઝ કરી શકશે. ફોનના બેક પેનલ પર ટેક્નોલોજીની સાથે ટાઈમ ડિસ્પ્લે કરી શકાશે. આ ઉપરાંત અનેક બીજા ફીચર્સનો ઉપયોગ કરી શકાશે.

કંપનીએ આ શો માં એક્સ્ટ્રીમ-ટેમ્પ બેટરી કોન્સેપ્ટ પણ રજૂ કર્યો છે. એક્ટ્રીમ-ટેમ્પ બેટરી સાથે ખૂબ વધારે હોટ એન્ડ કોલ્ડ કંડીશનમાં ડિવાઈસને લઈને ફ્રિઝિંગની મુશ્કેલી નહીં આવશે.

આ ટેક્નોલોજીની સાથે ડિવાઈસની બેટરી ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના ટેમ્પેરચર પણ સારું કામ કરી શકશે.

આ ઉપરાંત ઈનફિનિક્સે એર ચાર્જને શોકેસ કર્યું છે. આ પ્રોડક્ટની સાથે ૨૦સીએમ અને ૯૦ ડિગ્રીના એંગલ સુધી પણ ડિવાઈસને ચાર્જ કરી શકાશે.

એરચાર્જ મલ્ટી-કોઈલ મેગ્નેટિંગ રેઝોનેન્સ અને એડોપ્ટિવ અલ્ગોરિધમનો ઉપયોગ કરે છે. આ ટેક્નોલોજી સાથે યૂઝર્સ પોતાના ડિવાઈસને કેબલ વિના જ ચાર્જ કરી શકે છે. આ પદ્ધતિમાં ટેક્નોલોજી ૭.૫ડબ્લ્યુનો પાવર ડિલીવર કરે છે.

### પુત્ર લાલસા રાખનાર લોકોને હાઈકોર્ટની ફટકાર

# છોકરો થશે કે છોકરી વહુના હાથમાં નથી : હાઈકોર્ટ

## વહુને ત્રાસ આપનાર પરિવારને ફટકાર આપતાં કોર્ટે કહ્યું કે પુરુષોના રંગસૂત્રો નક્કી કરે છે કે છોકરો થશે કે છોકરી, વહુ નહીં

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હી હાઈકોર્ટે કહ્યું છે કે પોતાનો વંશવેલો વધારવાની ઈચ્છા પૂરી ન કરી શકવાને કારણે વહુઓને હેરાન કરનારા સાસુ-સસરા અને સાસરિયાઓએ ધ્યાનમાં લેવું જોઈએ કે ગર્ભમાં રહેલું બાળકનું લિંગ માતાના ગર્ભથી નહીં પણ પુરુષના રંગસૂત્રોથી નક્કી થાય છે. પીડિતાને તેના પતિ અને સાસરિયાઓ દ્વારા અપૂરતી દહેજ લાવવા અને બે પુત્રીઓને જન્મ આપવા બદલ ત્રાસ આપવામાં આવ્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે, આજના સમયમાં મહિલાઓને ભૌતિક સામાન સાથે જોડવાથી સમાનતા અને સન્માનના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થાય છે. જસ્ટિસ સ્વર્ણા કાંતા શર્માની ખંડપીઠે કહ્યું હતું કે, દહેજની અનિશ્ચિત માંગણીઓ સાથે સંકળાયેલા કેસોમાં પ્રતિકૂળ માનસિકતા અને ઉદાહરણો મોટી સામાજિક ચિંતાને રેખાંકિત કરે છે. તે પરણિત મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો પર પ્રકાશ પાડે છે, જેનું વાસ્તવિક મહત્વ અને આદર તેમના માતાપિતાની સાસુ-સસરાની અતૃપ્ત માંગણીઓને પહોંચી વળવાની ક્ષમતા પર આધારિત ન હોવો જોઈએ.

હાઈકોર્ટે કહ્યું હતું કે, જ્યારે માતા-પિતા તેમની પુત્રીના પૈતૃક ઘરને છોડીને તેના વૈવાહિક ઘરમાં સ્થાયી થવાનો પ્રયાસ કરે છે ત્યારે તેની સુખાકારી અને આરામની ઈચ્છા રાખે છે તેવી પરિસ્થિતિ જોઈને તે ખલેલ પહોંચાડે છે. પરંતુ પ્રેમ અને સમર્થનના બદલામાં નવી દુલ્હનને સાસરીમાં સતત લોભ અને પરેશાનીનો સામનો કરવો પડે છે. "આ સમસ્યા અનેકગણી વધી જાય છે. જ્યારે દહેજ સંબંધિત ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ સતત ત્રાસ અને પજવણીને કારણે પોતાનું જીવન સમાપ્ત કરે છે ત્યારે તે જીવનભરની સમસ્યા બની જાય છે. ખાસ કરીને ત્યારે જ્યારે તેણે બે દીકરીઓને જન્મ આપ્યો હોય. ખંડપીઠે કહ્યું હતું કે આ સંદર્ભમાં આનુવંશિકતાને આશ્ચર્યજનક રીતે અવગણવામાં આવી છે, જ્યારે વિજ્ઞાન અનુસાર, જ્યારે બાળકની કલ્પના કરવામાં આવે છે, ત્યારે અજાત બાળકના લિંગના આનુવંશિક નિર્ધારણમાં X અને Y રંગસૂત્રોના સંયોજનનો સમાવેશ થાય છે. ખંડપીઠે પોતાના આદેશમાં કહ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ એક મહિલાએ દીકરીઓને જન્મ આપવા માટે પોતાનો જીવ ગુમાવ્યો હતો, જે કોઈ પણ પ્રામાણિક સમાજને અસ્વીકાર્ય હોવો જોઈએ અને આવા ગુનાઓને ગંભીર ગણવા જોઈએ. ખંડપીઠે કહ્યું હતું કે હાલના આરોપીઓ સામેના આક્ષેપો ગંભીર છે, હજુ સુધી આરોપો ઘડવામાં આવ્યા નથી. મહત્વના સાક્ષીઓની પણ તપાસ બાકી છે. તેથી, વિવિધ તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, આ ખંડપીઠ આરોપીને જામીન પર મુક્ત કરવા માટે વલણ ધરાવતી નથી, "ખંડપીઠે જણાવ્યું હતું.

છોકરીઓને જન્મ આપનાર વહુઓને અપાતા શારીરિક અને માનસિક ત્રાસને લઈને હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું હતું અને પુત્રની લાલસા રાખનાર સાસુ-સસરા અને પતિને ફટકારી લગાવી હતી. હાઈકોર્ટે લિંગનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતા કહ્યું કે છોકરી થશે કે છોકરો તે વહુના હાથમાં નથી પરંતુ વૈજ્ઞાનિક રીતે વાય અને એક્સ રંગસૂત્રો નક્કી કરી છે.

### ફ્લાવર શો લંબાવવાનો નિર્ણય

# ૩૧ ડિસેમ્બરથી શરૂ થયેલો ફ્લાવર શો હવે ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે

## આખરે નાગરિકોના ઘસારાને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ ફ્લાવર શોની તારીખ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે ફ્લાવર શોનું સમાપન ૧૫ જાન્યુઆરીએ નહિ પરંતુ ૨૦ જાન્યુઆરીએ થશે. એટલે કે હવે અમદાવાદ રિવરફ્રન્ટામાં આયોજીત આ ફ્લાવર શો હવે ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે.૩૧ ડિસેમ્બરથી શરૂ થયેલો ફ્લાવર શો હવે ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે. આખરે નાગરિકોના ઘસારાને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ શહેરના રિવરફ્રન્ટ પર AMCએ ગત તા.૩૧મી ડિસેમ્બરથી ફ્લાવર શોનું આયોજન કર્યું છે. આ ફ્લાવર શોને સારો પ્રતિસાદ મળતાં તેને લંબાવવાો નિર્ણય કરવામા આવ્યો છે. અહી રોજ મોટી સંખ્યામાં શહેરીજનો ફ્લાવર શોની મુલાકાત લઈ રહ્યાં હોવાથી છેલ્લા એક સપ્તાહમાં ૩.૧૧ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. જેનથી એમએમસીને ૧.૮૦ લાખની આવક થઈ છે. સૌથી વધારે રવિવારે ૩૧ ડિસેમ્બરના રોજ ૧ લાખ જેટલા લોકોએ મુલાકાત લીધી હતી. ફ્લાવર શોમાં વધતી જતી ભીડને લઈને એએમસીએ રાત્રે ૧૧ વાગ્યા સુધી ફ્લાવર શો ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. જેના કારણે રોજના ૪૦ હજારથી વધુ લોકો ફ્લાવર શો નિહાળવા માટે આવી આવી રહ્યા છે. રિવર ફ્રન્ટ પર યોજાયેલા ફ્લાવર શોમાં આવતાં લોકો માટે સામાન્ય દિવસોમાં સોમવારથી શુક્રવાર દરમિયાન પ્રવેશ ફી ૫૦ રૂપિયા લેવામાં આવરે છે. જ્યારે શનિવાર અને રવિવારના દિવસે ફ્લાવર શોમાં રૂ. ૭૫ ફી પેટે વસૂલવામાં આવમે છે. આ ફ્લાવર શોમાં ૧૨ વર્ષથી નાના બાળકોને મફતમાં પ્રવેશ આપવામાં આવે છે. ફ્લાવર શોમાં ૧૫ લાખથી વધારે ફૂલ-છોડના રોપા છે. ૭ લાખ કરતાં વધુ રોપાથી ૪૦૦ મીટર લાંબુ ફ્લાવર સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે.જે આકર્ષણનું કેન્દ્ર છે.

વાઈબ્રન્ટ અમદાવાદ ફ્લાવર શો- ૨૦૨૪નું આયોજન અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવ્યું છે. ફ્લાવર શોનો પ્રારંભ ૩૧ ડિસેમ્બરથી થયો હતો અને આ ફ્લાવર શો ૧૫ જાન્યુઆરીએ પૂર્ણ થશે. દરરોજ મોટી સંખ્યામાં લોકો ફ્લાવર શો નિહાળવા આવે છે. રાજ્યના અન્ય શહેરોમાંથી જ નહિ પરંતુ અહીં આ શો નિહાળવા માટે વિદેશમાંથી પણ મહેમાનોનું આગમન ચાલુ જ છે

### સડેલા લાકડા હટાવતાં રહસ્ય ખુલ્યું

# ઘરની નીચે સેંકડો વર્ષોથી છુપાયેલું હતું રહસ્ય

## જ્યારે તેમણે લાકડા હટાવ્યા તો નીચે જવા માટે સીડીઓ હતી, તેમણે આ સીડીઓ પહેલા ક્યારેય જોઈ ન હતી

નવી દિલ્હી, તા.૧૧

માત્ર ભારત જ નહીં, વિશ્વના તમામ દેશોનો ઈતિહાસ અનોખો છે, પરંતુ સમયની સાથે જ્યારે વિશ્વ આધુનિકતાની ચાદરથી ઢંકાઈ ગયું ત્યારે સુંદર ઈતિહાસ ઓરડાઓમાં બંધ થઈને ઈમારતોના ખૂણે-ખૂણે છુપાઈ ગયો. પછી કેટલાક લોકો એવા પણ હતા જેમણે એ ઈતિહાસને બહાર લાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ક્યારેક ઈતિહાસ પોતાની મેળે બહાર આવી જાય છે. બ્રિટિશ યુગલની વાર્તા સાંભળ્યા પછી એવું જ લાગે છે. બે વર્ષ પહેલા આ કપલ ખૂબ જ સમાચારોમાં હતું કારણ કે તેઓએ તેમના ઘરમાં ઈતિહાસ સાથે જોડાયેલી એવી વસ્તુ જોઈ, જેના વિશે તેમને કોઈ અગાઉથી જાણકારી નહોતી. તેઓએ ઘરની નીચે એક મોટું રહસ્ય શોધી કાઢ્યું, જ્યારે તેઓએ તેની શોધ કરી, ત્યારે તેમને લાગ્યું કે જાણે તેઓ કોઈ બીજી દુનિયામાં પ્રવેશ્યા છે! રિપોર્ટ અનુસાર, ૨૦૨૦માં બ્રિટનના ૪૧ વર્ષીય બેન માન અને તેમની પત્ની કિમ્બરલી જેન સાથે એક આશ્ચર્યજનક ઘટના બની હતી. વર્ષ ૨૦૧૫માં બેન આ ઘરમાં શિફ્ટ થયા હતા. પછી જે વ્યક્તિ પાસેથી તેમણે ઘર ખરીદ્યું હતું તેમણે બેનને ઘરને સંપૂર્ણ એક્સપ્લોર કરવા દીધું ન હતું. તેની શરત એવી હતી કે જ્યારે તે ઘર ખરીદશે ત્યારે તે તેને જોઈ શકશે. અચાનક એક દિવસ બેનને ઘરના એક ભાગમાં રાખેલ સડેલું લાકડું બદલવાનું મન થયું. આ વાસ્તવમાં લાકડાના દરવાજા હતા, જે એક રસ્તાને છુપાવતા હતા. જ્યારે તેમણે લાકડા હટાવ્યા તો નીચે જવા માટે સીડીઓ હતી. તેમણે આ સીડીઓ પહેલા ક્યારેય જોઈ ન હતી. જ્યારે તે નીચે ગયા ત્યારે તેમણે એક ગુપ્ત ભોંયરું જોયું. બેનને ત્યારે જ શંકા ગઈ હતી જ્યારે અગાઉના વ્યક્તિએ તેમને ઘરની સંપૂર્ણ તપાસ કરવા દીધી ન હતી. તેમણે આ વિસ્તારમાં અન્ય ઘરો જોયા હતા અને તે જાણતો હતો કે ત્યાં પણ ભોંયરાઓ છે. જ્યારે તેણે તે જોયું, ત્યારે તે આશ્ચર્યચકિત થઈ ગયો અને તેને બદલવાનું વિચાર્યું. ભોંયરું પાણી અને ગંદકીથી ભરેલું હતું. પરંતુ તેણે ધીરે ધીરે આ રૂમને હોમ સિનેમામાં બદલી નાખ્યો. તે સમયે તેમને ૧ વર્ષની પુત્રી બેલા હતી, જે હવે ૩ વર્ષની છે. આ રૂમને બદલવા માટે તેને ૪.૭ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. તેણે રૂમમાં પ્રોજેક્ટર, સોફા, બાર એરિયા વગેરે પણ બનાવ્યા, જે પછી તે ખૂબ જ અનોખો અનુભવ આપી રહ્યો હતો. આ કામ ઓક્ટોબર ૨૦૨૦માં શરૂ થયું હતું અને ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થયું હતું.

### ટી-શર્ટ લેવાનાં પૈસા નહોતા

# જસપ્રીત બુમરાહે પાંચ વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યા

## વિવિધ અહેવાલો અનુસાર, બુમરાહની નેટવર્થ ૨૦૨૩માં આશરે ૫૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે

નવી દિલ્હી, તા.૧૧

જસપ્રીત બુમરાહ ટીમ ઈન્ડિયાનો સર્વશ્રેષ્ઠ ઝડપી બોલર બનવાના માર્ગે છે. જરૂરિયાતના સમયે ટીમ માટે વિકેટ લેવાની સાથે બોલિંગ એવરેજ અને ઈકોનોમીની દ્રષ્ટિએ પણ તે અસરકારક છે. બુમરાહની સૌથી મોટી ક્વોલિટી એ છે કે ૧૪૦ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે બોલ ફેંકવા છતાં તે દિશાહીન નથી થતો. આ કારણોસર તે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમનો નંબર વન બોલર છે. બોલિંગમાં આ માસ્ટરીને કારણે તે પ્રસિદ્ધિની સાથે ખૂબ પૈસા પણ કમાઈ રહ્યો છે. વિવિધ અહેવાલો અનુસાર, બુમરાહની નેટવર્થ ૨૦૨૩માં આશરે ૫૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. બોલ નવો હોય કે જૂનો, તે બંને દ્વારા વિકેટ ઝડપી લે છે. તે યોર્કર અને સ્લોઅર ફેંકવામાં પણ માહેર છે. સાત વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં 'જસ્સી' ભારતીય ટીમ માટે જરૂરી બની ગયો છે.

વિવિધ પ્રકારની બોલિંગ એક્શનને કારણે તે ટૂંકા રનઅપ સાથે બોલને ઝડપ આપવામાં સફળ રહે છે. જોકે, તેના કારણે તેને ઘણી વખત ઈજાઓનો સામનો કરવો પડ્યો છે. દક્ષિણ આફ્રિકાના મહાન ઝડપી બોલર મખાયા એન્ટીનીએ હાલમાં જ બુમરાહના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે જ્યારે જસપ્રીત ટીમ ઈન્ડિયામાં નથી હોતા ત્યારે બોલિંગ યુનિટ પહેલા જેવું નથી રહેતું. એન્ટીનીએ એમ પણ કહ્યું હતું કે, બુમરાહ તેના માથાની ઉપરથી બોલ ફેંકે છે અને તેથી જ તે બોલને અંદર લાવવા માટેનો એંગલ મેળવવામાં સફળ થાય છે. તે એવા બોલ પણ ફેંકે છે જે પિચિંગ પછી સીધા રહે છે. ખાસ વાત એ છે કે તેની બોલિંગ એક્શન હંમેશા સરખી જ હોય છે. ગુજરાતના અમદાવાદમાં ૬ ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ જન્મેલા જસપ્રિત બુમરાહે ૫ વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યા હતા. તેની શિક્ષક માતાએ તેને ઉછેર્યો. તેના પિતાના મૃત્યુ પછીના થોડા વર્ષો જસપ્રીત અને તેની માતા માટે મુશ્કેલીઓથી ભરેલા હતા. આ તે સમય હતો જ્યારે જસપ્રીતને એક જોડી જૂતા ખરીદવા માટે પણ સંઘર્ષ કરવો પડતો હતો. તેમના બાળપણના સંઘર્ષનું વર્ણન કરતાં તેણે કહ્યું, 'અમારે કંઈપણ ખરીદવા માટે સંઘર્ષ કરવો પડતો હતો. મારી પાસે જૂતા અને ટી-શર્ટની એક જ જોડી હતી, તેથી મારે દરરોજ તે ટી-શર્ટ ધોવું પડતું હતું.' ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કોચ જ્હોન રાઈટની નજરમાં બુમરાહનું કૌશલ્ય ઝળક્યું હતું.

### વોટ્સએપ પર મેસેજ આવે તો થઈ જાવ સાવધાન

# રામ મંદિરમાં દર્શન માટે VIP એન્ટ્રીના નામે છેતરપિંડી શરૂ થઈ

## ૨૨મી જાન્યુઆરી એ ખૂબ જ ખાસ દિવસ છે અને છેતરપિંડી કરનારાઓ આ દિવસે લોકોને VIP દર્શન કરાવવાની લાલચ આપી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૧

અયોધ્યામાં રામ મંદિરની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે, જ્યાં એક તરફ રામ ભક્તો દર્શન કરવા માટે આતુર છે, તો બીજી તરફ છેતરપિંડી કરનારાઓ પણ આ તકનો લાભ લેવામાં વ્યસ્ત છે. લોકોને વોટ્સએપ પર અજાણ્યા નંબરો પરથી મેસેજ આવી રહ્યા છે જેમાં તેમને રામલલ્લાના VIP દર્શન કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. ૨૨મી જાન્યુઆરી એ ખૂબ જ ખાસ દિવસ છે અને છેતરપિંડી કરનારાઓ આ દિવસે લોકોને VIP દર્શન કરાવવાની લાલચ આપી રહ્યા છે. વોટ્સએપ પર ત્રણ મેસેજ આવી રહ્યા છે, પ્રથમ મેસેજમાં રામ જન્મભૂમિ ગૃહસંપર્ક અભિયાન એપીકે દેખાય છે. અહીં ધ્યાન રાખવા જેવી વાત એ છે કે આ કોઈ મેસેજ નથી પણ એક એપીકે ફાઈલ છે, ભૂલથી પણ આ ફાઈલ પર ક્લિક કરવાની ભૂલ ન કરો. બીજા મેસેજમાં તમને લખેલું દેખાશે, VIP એક્સેસ મેળવવા માટે રામ જન્મભૂમિ ગૃહ સંપર્ક અભિયાન ઈન્સ્ટોલ કરો. આ સિવાય ત્રીજા મેસેજમાં લખવામાં આવશે કે અભિનંદન, તમે નસીબદાર છો, તમને ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરમાં દર્શન માટે VIP એક્સેસ મળે છે. એકંદરે, આવા ફ્રોડ મેસજો મોકલીને લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે, જો તમે ભૂલથી એપીકે ફાઈલ પર ક્લિક કરો છો તો તમારો ફોન હેક થઈ શકે છે અને તમારું બેંક એકાઉન્ટ પણ ખાલી થઈ શકે છે. લાખો લોકો સાથે થઈ રહ્યું છે આ કૌભાંડ, આ મેસેજ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ત્રીજું કામ, અયોધ્યામાં રામ મંદિરના નામે આવા કોઈપણ મેસેજ આવતા તરત જ જાણ કરો અને બ્લોક કરો. રિપોર્ટ કરવા માટે, તમારે ચેટબોક્સની ઉપર જમણી બાજુએ ત્રણ ડોટ મેનૂ પર ટેપ કરો અને પછી તમારે વધુ વિકલ્પ પર ક્લિક કરવાનું રહેશે. અહીં તમને રિપોર્ટનો વિકલ્પ દેખાશે.

# ચાવંડ ગામે રૂા.૩૨ લાખના કામોનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા






લાઠી તાલુકાના ચાવંડ ગામે સાંસદ નારણભાઈ કાછડીયા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે રૂા.૩૨ લાખના ખર્ચે નવનિર્મિત થનાર રોડ રસ્તાના કામો જેવાકે પ્લોટ વિસ્તાર તેમજ જૂનું ગામ વિસ્તારમાં બ્લોક પેવિંગ રોડ, અનુસુચિત વિસ્તારોમાં બ્લોક રોડના કામો, નાળા, પુલના કામો, ભૂગર્ભ ગટરના કામો,પીવાના પાણીની ટાંકી બનાવવાના કામો,સી.સી.રોડના કામો વિગેરેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ આ તકે અમરેલી સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત સદસ્ય જીતુભાઈ ડેર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ રાકેશભાઈ સોરઠીયા, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલિયા,ગામના સરપંચ કપીલભાઈ ડેર, ઉપસરપંચ કનુભાઈ ડેર, ગ્રામ પંચાયતના તમામ સદસ્યો,ગામના ખેડૂતો,આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા, આ તકે તમામ આગેવાનો,સરપંચ તેમજ ગ્રામજનોએ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનો આભાર વ્યક્ત કરેલ હતો અને કામ ગુણવત્તા સભર થાય તે અંગેની તકેદારી રાખવા પદાધિકારીઓ એ જણાવેલ હતું

### વન વિભાગ દ્વારા ધારાસભ્ય કસવાલાનાં હસ્તે પ્રારંભ

## લીલીયા પંથકમાં ઉત્તરાયણ પર્વે પક્ષીઓને બચાવવા માટે કરૂણા અભિયાનનો પ્રારંભ

### ઘાયલ પક્ષી મળી આવે તો નં. ૯૬૨ પર સંપર્ક કરવા જણાવાયુ

લીલીયા, તા. ૧૧,

લીલીયા શહેર તાલુકાના ૩૭ ગામોમાં ઉતરાયણ પર્વ પર પક્ષીઓને બચાવવા આજથી શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા ડિવિઝન દ્વારા વન્યજીવ રેન્જ લીલીયા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે કરૂણા અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે સૌ પ્રથમ ધારાસભ્યનું સન્માન કરવામાં આવેલ. બાદ વન વિભાગના આર.એફ.ઓ. ગલાણી દ્વારા આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કરી આવકાર્યા હતા. આ તકે ધારાસભ્યએ લોકોને અનુરોધ કર્યો હતો સોશિયલ મીડિયા મારફત ઘાયલ પક્ષીઓની માહિતી કરૂણા અભિયાન કેન્દ્ર ૯૬૨ નંબર પર પરથી કરૂણા એમ્બ્યુલન્સને બોલાવી અને તાત્કાલિક નજીકના પક્ષી સારવાર કેન્દ્રનો સંપર્ક કરવા પણ અનુરોધ કરવામાં આવેલ. આ તકે આર.એફ.ઓ. ગલાણીએ જણાવ્યું હતું કે ઉતરાયણ પર્વની આનંદ ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવતી હોય છે. આ ઉજવણી દરમિયાન કેટલીક બાબત પર ધ્યાન આપવાથી ઘણા પક્ષીઓના જીવ બચી શકે છે



વન વિભાગે ઉતરાયણ પર્વને ધ્યાને રાખીને જણાવ્યું હતું કે પક્ષી વિહારના સમયગાળાએ ધ્યાન રાખી સવારના ૯ કલાક પહેલા અને સાંજના ૫ વાગ્યા પછી નાગરિકોએ આ સમયગાળા દરમિયાન પતંગ ઉડાડવાનું ટાળવા અપીલ કરી હતી. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, કાનજીભાઈ નાકરાણી, ભીખાભાઈ ધોરાજીયા, વિપુલભાઈ દુધાત, પર્યાવરણ પ્રેમી મહેન્દ્રભાઈ ખુમાણ, મનોજભાઈ જોશી, પત્રકાર ઈમરાન પઠાણ સહિત વન વિભાગના સ્ટાફ કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### લઘુમતી મોર્ચાનાં સદસ્યોને મોકલવામાં આવી ચાદર



## ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ માટે નરેન્દ્ર મોદીએ મોકલી ચાદર

નવી દિલ્હી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની અજમેર શરીફની દરગાહ માટે ચાદર મોકલી છે. માહિતી અનુસાર વડાપ્રધાન મોદીએ લઘુમતી મોર્ચાનાં સદસ્યોને આ ચાદર મોકલાવી છે. ૧૩ જાન્યુઆરીના રોજઁ વડાપ્રધાન મોદી દ્વારા મોકલવામાં આવેલી આ ચાદર દરગાહ પર ચઢાવવામાં આવશે.

વડાપ્રધાન મોદીએ આ ચાદર લઘુમતી મોર્ચાનાં જે સદસ્યોને મોકલી છે તેમાં - પ્રમુખ જમાલ સિદ્દીકી, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તારીક મંસૂર છે. આ સિવાય અન્ય ઘણાં મુસ્લિમ નેતાઓ પણ તેમની સાથે જોડાશે.અજમેર શરીફની દરગાહ પર આ વર્ષે ૮૧૨મો ઉર્સ ઊજવવામાં આવશે.ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પર દરવર્ષે ઉર્સનાં અવસર પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાતાં હોય છે. છેલ્લાં ૧૦ વર્ષથી વડાપ્રધાન મોદી અજમેર શરીફ દરગાહ માટે આ ચાદર મોકલી રહ્યાં છે. ૧૩ જાન્યુઆરીનાં રોજ ઁપીએમ દ્વારા મોકલવામાં આવેલી આ ચાદર દરગાહ પર ચઢાવવામાં આવશે.ગતવર્ષે ૮૧૧માં ઉર્સના અવસર પર પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અજમેર શરીફ દરગાહને ચાદર ભેટમાં આપી હતી. વડાપ્રધાને તેની તસવીર પણ શેર કરી હતી, જેમાં તેમની સાથે કેન્દ્રીય લઘુમતી મંત્રી સ્મૃતિ ઈરાની અને ભાજપ અલ્પસંખ્યક મોરચાના અધ્યક્ષ જમાલ સિદ્દીકી પણ હાજર હતા. ચાદર મોકલવાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માનવતાનો સંદેશ પણ આપે છે. ગયા વર્ષે તેમણે સંદેશ મોકલ્યો હતો કે- વિશ્વને પ્રેમ, સંવાદિતા અને ભાઈચારાનો સંદેશ આપનાર મહાન સૂફી સંતના વાર્ષિક ઉર્સ પર અજમેર શરીફની દરગાહ પર ચાદર મોકલીને હું પોતાની શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

## પીપળાનું મહત્વ

– પીપળો એકમાત્ર એવું વૃક્ષ છે જે દિવસ અને રાત બંને સમયે ઓકસીજન પુરૂ પાડે છે.

– પીપળાનાં ૬–૭ તાજા પાંદડા લો અને તેને ૪૦૦ મિલી પાણીમાં નાંખો અને ૧૦૦ મિલી રહી જાય ત્યાં સુધી ઉકાળો, જયારે તે ઠંડુ થઈ જાય, ત્યારે વાસણ સ્ટીલ અને એલ્યુમિનિયમમાં ન નાખવું જોઈએ, આ પાણીનાં સેવનથી તમારૂં હૃદય એક દિવસમાં ાસ્વસ્થ થવા લાગશે.

– પીપળાનાં પાનમાં ભોજન ખાવાથી લીવરનાં રોગ મટે છે.

– પીપળાનાં સુકા પાનનું ચુર્ણ બનાવી તેમાં અડધી ચમચી ગોળ ભેળવીને સવાર–સાજં ખાવાથી અસ્થમાં મટે છે.

– પીપળાના ૪–૫ તાજા પાનને પીસીને પાણીમાં ભેળવીને પીવાથી કમળામાં ૧–૨ વારમાં આરામ મળે છે.

– પીપળાની છાલને ગંગાજળમાં ઘસીને ઘા પર લગાવવાથી તરત આરામ મળે છે. પીપળની છાલ તેમાં સાકર ભેળવીને દિવસમાં ૫–૬ વખત ચુસવાથી કોઈપણ નશો દુર થાય છે.

– પીપળાનાં પાનનો ઉકાળો પીવાથી ફેફસા, હૃદય, પેટ અને લીવરનાં તમામ રોગો મટે છે.

– પીપળાનાં પાનનો ઉકાળો બનાવીને પીવાથી કિડનીના રોગો મટે છે અને પથરી તુટી જાય છે અને દુર થાય છે.

– તમને ગમે તેટલી ઉદાસીનતા હોય, દરરોજ ૩૦ મિનિટ પીપળનાં ઝાડ નીચે બેસો, તેનાથી ડિપ્રેશનનો અંત આવે છે.

– પીપળનાં ફળ અને તાજા કોપલ સમાન માત્રામાં લઈ, તેને પીસી, સુકવી, દાળમાં ભેળવી, દિવસમાં બે વાર લેવાથી સ્ત્રીઓનાં ગર્ભાશય એન માસિક ધર્મનાં તમામ રોગો મટે છે.

– પીપળનાં ફળ અને તાજા કોપલે સમાન માત્રામાં લઈ, તેને પીસી, સુકવી, દાળમાં ભેળવી, દિવમાં બે વાર લેવાથી બાળકોની લિસ્પ મટે અને મગજ ખુબ જ તેજ બને છે.

– જે બાળકોમાં હાયપરએકિરવિટી છે, જે બાળકો આખી રાત દોડે છો.ઓછી ઉંઘ લે છે. આ બાળકોને પીપળાનાં ઝાડ નીચે બેસાડો તો હાયપરએકિટવિટી ઓછી થાય છે.

– ઘુંટણનો દુઃખાવો ગમે તેટલો જુનો હોય, પીપળા નીચે બેસવાથી ૩૦–૪૫ દિવસમાં ખતમ થઈ જશે.

– શરીરમાં ગમે ત્યાંથી લોહી આવે છે. સ્ત્રીઓને માસિક સ્ત્રાવ સમયે અધિક રકતસ્ત્રાવ થતો હોય, બાબાસીરમાં લોહી આવે છે.

દાંત કાઢયા પછી લોહી આવે છે. ઈજા થાય છે, ત્યારે પીપળાનાં ૮–૧૦ પાનને પીસીને ગાળીને પીવાથી તરત જ લોહી આવતું બંધ થાય છે.

– શરીરમાં કયાંય પણ સોજો, દુઃખાવો, ગરમી હોય તો પીપળાનાં પાન બાંધો તો ઠીક થઈ જશે. **– મિતલ ખેતાણી**

**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઉજવણીની તૈયારી

## રાજુલા ખાતે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો અનેરો ઉત્સાહ

### ધારાસભ્ય સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી

રાજુલા, તા. ૧૧

રાજુલા ખાતે ૨૨ જાન્યુઆરીના રોજ ભારત વર્ષમાં ઐતિહાસિક ક્ષણ આવી રહી છે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામ અયોધ્યામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં બિરાજમાન થઈ રહ્યા છે. ત્યારે તેની ઉજવણીના ભાગસ્વરૂપે ૨૦/૨૧/૨૨ જાન્યુઆરીના રોજ વિવિધ કાર્યક્રમો છે તે બાબત વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારો સાથે રાજુલા જાફરાબાદ ના લોકલાડીલા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ વિવિધ ચર્ચાઓ કરી હતી.રાજુલામાં અયોધ્યા



જેવો માહોલ બનાવવા દરેક શહેરીજનો, ગ્રામજનો, આગેવાનોને સાથે રાખી આયોજન માટે વિવિધ માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે યુવરાજભાઈ ચાંદુ, ઘનશ્યામભાઈ મશરૂ, મનીષભાઈ વાઘેલા, જે.ડી ધાખડા, ચિરાગભાઈ જોશી, વિનુભાઈ પરમાર, રાજેન્દ્રભાઈ ધાખડા ઉપસ્થિત રહ્યા હતાં.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## ઉનાનાં પંચવટી સોસાયટીમાં રહેણાંક મકાનમાંથી ગેસ સીલીન્ડરનું રીફીલીંગ ઝડપાયુ

### આરોપી ભાવેશ ઉર્ફે મઘો ટીલવાણીની ૨.૮૮ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત

ઉના, તા. ૧૧

ઉના એલ.સી.બી.નાં પો. ઈન્સ. એસ.એમ. ઈશરાણીનાં માર્ગદર્શન પો.સબ ઈન્સ. વી.કે. ઝાલા તથા ટીમનાં માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પો.હેડ કોન્સ. પ્રફુલભાઈ વાઢેર, પ્રવિણભાઈ મોરી, રાજુભાઈ ગઢીયા તથા પેરોલફર્લો સ્કવોર્ડનાં પો. હેડ કોન્સ. જયરાજસિંહ ગોહિલ તથા પો.કોન્સ સંદિપસિંહ ઝણકાંટને સંયુકત બાતમી મળેલ કે, ઉનાના પંચવટી સોસાયટી, રફાળેશ્વર મંદીર પાસે શ્યામ ભુવન નામના મકાનમાં રહેતો ભાવેશ ઉર્ફે મઘો ટીલવાણી નામનો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઈસમ પોતાના મકાનની આગળનાં ભાગે ગોડાઉન બનાવી ગેરકાયદેસર રીતે ગેસનાં બાટલાનો જથ્થો રાખી ગેસ રીફીલીંગની પ્રવૃતિ કરે છે જેથી બનાવ વાળી જગ્યાએ રેઈડ કરી (૧) ભરેલ તથા ખાલી ગેસ સીલીન્ડરો નંગ–૧૦૪ જેની કિં.રૂા. ૨૮૬૦૦૦/–, (૨) રાંધણગેસ રીફીલીંગ(ટ્રાન્સફર) કરવાના લોખંડના પાઈપ નંગ–૩૭ કિં.રૂા. ૧૮૫૦/–, (૩) સોનાટા કંપનીનો વજન કાંટો નંગ–૦૧ કિં.રૂા. ૧૦૦૦/–, (૪) ગેસ કંપનીનાં પલાસ્ટીકનાં ગેસનાં બાટલાનાં સીલ નંગ–૧૫૨ કિં.રૂા. ૦૦/– મળી કુલ મુદ્દામાલ કિં.રૂા. ૨,૮૮,૮૫૦/–નો જપ્ત કરવામાં આવેલ છે.

# લીલીયા તાલુકાનાં ગામોમાં ૯૩ લાખનાં વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિ પુજન અને લોકાર્પણ કરતાં ધારાસભ્ય કસવાલા






લીલીયા તાલુકાના ગામોમાં વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે લીલીયા તાલુકાના ગામડાઓમાં ૯૩ લાખ જેવી માતબર રકમના વિકાસ કામોનું ભૂમિ પૂજન અને લોકાર્પણ કરવામાં આવ્યું જેમાં લીલીયા તાલુકાના વાઘણીયા ગામે ૧૮ લાખ જેવી માતબર રકમમાં શાળાના બે ઓરડાનું ભૂમિ પૂજન કરાયું તેમજ લીલીયા તાલુકાના પૂતળીયા ગામે ૩૨ લાખના માતબર ખર્ચે સ્માર્ટ સ્કૂલનું લોકાર્પણ કરવામાં આવ્યું તેમજ પૂત્તલીયા ખાતે સ્મશાનમાં હોલ અને વોશિંગ ઘાટ બ્લોક રોડ સહિતના વિકાસ કામોનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ભૂમિ પૂજન કરવામાં આવ્યું. પુતળીયા ગામે સુરતથી આવેલા ગામના રહીશોને જાહેર મંચ પરથી આવકાર આપી અને પોતાના ગામ પ્રત્યે આવેલ મહેમાનો લાગણી દર્શાવતા ધારાસભ્ય દ્વારા સુરતથી આવેલ દાતાઓ અને મહેમાનોનું શાબ્દિક અને સાલ ઓઢાડી વતનના રત્નોનું સન્માન કરવામાં આવેલ આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ઘનશ્યામભાઈ મેઘાણી બાલાભાઈ ભરવાડ, કેપ્ટન ધામત, આનંદ ધાનાણી, ઈફકોના ડિરેકટર ભાવેશભાઈ રાદડિયા, પ્રકાશભાઈ વિરાણી, મધુભાઈ વાડદોરીયા, ભાઈલાલ ભાઈ ધાનાણી,બી.કે. ધાનાણી, દિનેશભાઈ ધાનાણી, શાંતિભાઈ ધાનાણી, પ્રવીણ ચોપડા,ભરતભાઈ શેલડિયા સહિતના આગેવાનો તેમજ પૂતળિયા અને વાઘણીયા ગામના યુવાનો આગેવાનો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે

# કલાવાટિકા દ્વારા ''ગાજરનાં વિવિધ ખાણા''નું ડીજીટલ આયોજન થયું




હાલ શિયાળાની એટલે કે આરોગ્યની ઋતુ. વિવિધ વસાણાં બનાવવાની, ખાવાની ઋતુ. ફળો સાથે લીલાં–તાજા શાકભાજી પુષ્કળ અને સરળતાથી મળી રહે. જેથી સામાન્યજન પણ તેને આરોગી શકે. આરોગ્ય જાળવી શકે. તેમાં વિટામિનથી ભરપૂર એક શાક એટલે ગાજર જેને કાચા, શેકીને, બાફીને, વિવિધ વ્યંજન અને મિઠાઈ બનાવીને પણ ખાઈ શકાય. કલાવાટિકા ફાઉન્ડેશન દ્વારા ડિસેમ્બરમાં ' ગાજરનાં વિવિધ ખાણાં ' નું ડિજિટલ કાર્ય આયોજન થયું. ગામ–શહેરના ૬૦ બહેનોએ એ નિમિત્તે ગાજરના માધ્યમની ૧૫૦ જેટલી ખાદ્ય સામગ્રી બનાવી અને પીરસી. ગાજરની વાત આવે એટલે આપણને તેનાં મુખ્ય ત્રણ સ્વરૂપ સલાડ, સંભારો અને ખીર નજરમાં આવે. મોંમાં સ્વાદ લાવે. અહીં આ સામગ્રી ઉપરાંત સૌએ પોતાનાં પારંપરિક રીતે ગાજરનાં અથાણાં, ખીર, થેપલાં, પરોઠાં, રાયતું, હાંડવો, પુડલા, સેન્ડવીચ, સમોસા, મુઠીયા, વેજીટેબલ પુલાવ, ઈડલી, ઉત્તપમ વગેરે બનાવ્યાં. રસોઈકલા સાથે સૌની આરોગ્ય જાગૃત્તિનાં દર્શન થયાં. આ કલાધરો હતાં જયશ્રીબા ગોહિલ, કાજલબા ગોહિલ, પ્રવીણાબેન વાઘેલા, આશાબેન ભટ્ટ, રેખાબેન પટેલ, અનિલાબેન પંડયા, ડો. ભારતીબેન બોરડ, ડો. તન્વી શાહ, ભારતી ભંડેરી, હેમુબેન મોદી, ઋતુ મહેતા, કાશ્મીરાબેન ભટ્ટ, ડો. ઉષાબેન ટાભાણી, વર્ષાબેન વેદ, મનિષાબેન ચૌહાણ, સરયુબેન મહેતા, અંકિતા પટેલ, જાન્હવી જોષી, વનિતાબેન સાકરિયા, નિશાબેન સાકરિયા, વર્ષા ભટ્ટ, હેતલ મહેતા, જિજ્ઞાબેન અજમેરા, જીજ્ઞાબેન પોપટ, શીતલબેન પટેલ, આશાબેન ઠાકર, કાન્તાબેન ચૌધરી, રમાબેન ચૌધરી વગેરે. સૌનાં મીઠાં ઓવારણાં સાથે યાદગીરી રૂપે સર્ટિફિકેટ અપાયાં.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

## મોટી કુંકાવાવ સોશ્યલ ગૃપ દક્ષિણ ગુજરાત દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

### બાળકોને મોમેન્ટો આપી પ્રોત્સાહીત કરાયા



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

મોટી કુંકાવાવ, તા.૧૧

સુરત ખાતે વસતા કુંકાવાવના પરીવારોનું સ્નેહ મીલનનું સુંદર આયોજન કુંકાવાવ સોશ્યલ ગૃપ દક્ષિણ ગુજરાત દ્વારા ૧૮ મું સ્નેહ મીલનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસા મહેમાની ના હસ્તે બાળકોને પ્રોત્સાહનરૂપે મોમેન્ટ સીલ્ડ રોકડનાં પુરસ્કાર સાથે તમામ પરિવારોનાં ભાવીક વૃક્ષોનાં છોડ અર્પણ કરીને પર્યાવરણને બચાવવા સપના લેવડાવ્યા હતા. આમ શિક્ષણ અકે પર્યાવરણ પ્રત્યે લોકો જાગૃત થાય તેવા સુભ સંદેશ વકતાઓ દ્વારા રજી કરવામાં આવ્યા હતા. આમ સુરત ખાતે વસતા કુંકાવાવનાં વતનપ્રેમી દાતાઓ ઉદ્યોગપતિનાં સહકાર સાથે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું અને આ પ્રસંગે અમરેલી કુંકાવાવના ધારા સભ્ય કૌશિકભાઈ વેકરિયા ખાસ ઉપસ્થિત રહયા હતા. આમ તમામ મહેમાનીનું ગ્રૃપ દ્વારા સન્માન કરીને આવા લોક ઉપયોગી કાર્યક્રમમાં તન મન ધનની સહકાર આપતા સૌ કોઈને કુંકાવાવ સીસ્યલ ગ્રૃપ દક્ષિણ ગુજરાત દ્વારા આવ્યા ? માનવમાં આવ્યો હતો આ સુરત ખાતે વસતા કુંકાવાવના તમામ ૩૦૦ની વધારે પરીવારોએ એક સાથે ભોજન કરીને આકમીયતાના દર્શન કરાવ્યા હતા. આમ દર વર્ષે યોજાતા સનેહ મીલનમાં ગામનાં આગેવાનોની સુંદર કાર્ય બદલ આમત્રીત કરીને સન્માનીત કરવામાં આવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં ગૌચર સ.નં. ૩૩૪**

તેમજ હાલ પણ વરસાદની ઋતુ નથી. જેથી આ બાબતે મામલતદાર, અમરેલી(શ), ડીઆઈએલઆર અમરેલી તથા તાલુકા વિકાસ અધિકારીને સાથે રાખી, કેટલા મેટ્રીક ટન જથ્થાનું ખનન થયેલ છે ? તે અંગે તાત્કાલીક તપાસ કરી, જવાબદારો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવા તથા કરેલ કાર્યવાહીનો અહેવાલ ભૂસ્તરશાસ્ત્રી, ખાણ ખનીજ શાખાને રજૂ કરવા જણાવવામાં આવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરાનાં જામકા ગામે**

જામકા મુળ–સાલોર ગામ ફતેપુરા જી. દાહોદ વાળો ભાગવું રાખેલ ખેતર/વાડી તથા ઓરડીમાં તથા ખેતરમાં લીલા ગાંજાના છોડ વાવી તથા કોઈપણ જાતના લાયસન્સ વગર ગેરકાયદેસર સુકો ભેજયુકત માદક પદાર્થનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા તે ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

મજકુર ઈસમે જામકા ગામે રહેતા રસીકભાઈ મધુભાઈ રામાણીનું કરાળ તરીકે ઓળખાતી સીમમાં આવેલ વાડી/ખેતરનું ભાગવું રાખી–વાડી/ખેતરમાં ગાંજાનું વાવેતર કરી તથા તેની ઓરડીમાં માદક પદાર્થ લીલાશ પડતા ભુખરા રંગનાં ભેજ યુકત તથા સુકો લીલો ભેજયુકત ડાળખા સાથેનો વનસ્પતીજન્ય ગાંજાનો જથ્થો વજન– ૨૨ કિલો ૧૨૬ ગ્રામ કિ.રૂા. ૨૨૧૨૬૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની કિ. રૂા. ૫૦૦૦ મળી કુલ કિ. રૂા. ૨૨૬૨૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે અને મજકુર ઈસમને વધુ તપાસ અર્થે બગસરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી પોલીસ અધિક્ષક ની સુચનાં અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમનાં અના. એ.એસ.આઈ. સંજયભાઈ પરમાર તથા નાજભાઈ પોપટ તથા યુવરાજસિંહ સરવૈયા તથા જીતેન્દ્રકુમાર મહેતા તથા રફીકભાઈ રાઠોડ તથા હેક કોન્સ. ગોબરભાઈ લાપા તથા મનીષદાન ગઢવી તથા પો.કોન્સ. જીજ્ઞેશભાઈ પોપટાણી તથા જયરાજભાઈ વાળા તથા ડ્રા.પો. હેડકોન્સ. ક્રિપાલસિંહ ગોહીલ તથા જનકભાઈ કુવાડીયા દ્વારા કરવામાં આવેલ છે.

## ખાંભા : ખડાધાર વિસ્તારમાં જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧૧

ખાંભા ગામે રહેતા સલીમભાઈ મહમદભાઈ પઠાણ સહિત છ આરોપીઓ ખડાધાર ઓ/પી વિસ્તારમાં ભાવરડીપરા ગામથી આગળ થોડે સાકડીયા રોડે જાહેરમાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા હોય ખાંભા પોલીસે દરોડો કરી રોકડ રકમ રૂપિયા ૧૯,૭૬૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં આંબરડી ખાતે**

સંકલ્પ હતો કે, તમારા માટે સપના જેટલા મોટા હશે એટલો અમારો સંકલ્પ મોટો હશે. આવા સપના જોવાની ઘણી તકો છે અને આ સંકલ્પને પુરો કરવાની શકિત પણ હાજર છે.

આંબરડી ખાતે આજે યોજાનાર લોકાર્પણ સમારોહમાં દિલીપ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, જિલ્લા ઉચ્ચ અધિકારીઓ, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, મગનભાઈ વડાળીયા, ભાવેશભાઈ રાદડીયા, જયંતીભાઈ પાનસુરીયા, અરૂણભાઈ પટેલ, સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક હરેશ વોરા, મોટા ગજાના બિઝનેસમેનો, બિલ્ડરો, ઉદ્યોગપતિઓ, સામાજિક સંસ્થાઓ, શિક્ષણવિદો, અન્ય પદાધિકારીઓ અને જિલ્લા, રાજય અને દેશના અલગ અલગ શહેરોમાં વસતા ભુતપુર્વ વિદ્યાર્થી ભાઈઓ, બહેનો, વતન પ્રેમીઓ અને સમસ્ત આંબરડી ગામના લોકો શ્રી આંબરડી માધ્યમિક શાળાના જાજરમાન લોકાર્પણ સમારોહના સાક્ષી બનશે.

આ ઐતિહાસિક કાર્યક્રમમાં પધારવા ભૂતપૂર્વ વિદ્યાર્થી આયોજન કમિટી, કેળવણી મંડળના પ્રમુખ તેમજ માધ્યમિક શાળા પરિવાર સર્વોને હૃદય સહ નિમંત્રણ પાઠવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

**મહુવા–લીલીયા–સુરત સુપર ફાસ્ટ**

પણ થશે. અમરેલી તેમજ આસપાસના જીલ્લાઓના લોકોને પ્રતિદિન મુંબઈ સુધીની ટ્રેનનો લાભ મળી શકે તેથી અઠવાડીયામાં પાંચ દિવસ ચાલતી મહુવા–સુરત સુપરફાસ્ટ ટ્રેનને મુંબઈ સુધી લંબાવવા બાબતે સાંસદ નારણભાઈ કાછડીયાએ રેલ્વે બોર્ડમાં રજૂઆત કરેલ હોવાનું સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૧૫ | ૧૨૯૧ |
| ૨ | શિંગ મોટી | ૯૦૫ | ૧૩૯૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૩૫ | ૧૫૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૩૫ | ૩૫૪૦ |
| ૫ | તલ કાળા | ૧૦૭૫ | ૩૨૪૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૩૯૦ | ૩૧૭૧ |
| ૭ | બાજરો | ૪૩૭ | ૫૨૩ |
| ૮ | જુવાર | ૫૧૩ | ૯૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૬ | ૬૪૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૭ | ૫૯૧ |
| ૧૧ | ચણા | ૭૦૦ | ૧૦૮૫ |
| ૧૨ | તુવેર | ૧૩૭૦ | ૨૦૦૦ |
| ૧૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૩ |
| ૧૪ | એરંડા | ૧૦૫૦ | ૧૦૯૫ |
| ૧૫ | જીરૂ | ૬૦૦૦ | ૬૦૦૦ |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૧૭ | સોયાબીન | ૭૬૦ | ૮૮૦ |
| ૧૮ | રજકાનું બી | ૨૯૫૦ | ૨૯૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૧૯૭ | ૧૩૩૩ |
| ૩ | તલ સફેદ | ૨૫૭૦ | ૨૮૩૦ |
| ૪ | ચણા | ૮૮૦ | ૧૦૦૦ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૦૦ |
| ૬ | સોયાબીન | ૮૫૫ | ૮૭૫ |
| ૭ | તુવેર | ૧૪૭૦ | ૧૬૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૩૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ૫ | જીરૂ | – | ૪૯૦૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૨૪ |
| ૯ | બાજરો | ૪૨૧ | ૪૭૨ |
| ૧૦ | જુવાર | ૯૨૫ | – |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૫૯૪ |
| ૧૨ | મઠ | ૧૧૦૦ | – |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૧૧૧ |
| ૧૪ | સોયાબીન | ૮૨૫ | ૮૯૫ |
| ૧૫ | તુવેર | ૧૫૫૧ | ૨૦૦૭ |
| ૧૬ | એરંડી | ૧૧૦૦ | – |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૧ | ૧૪૩૯ |
| ૨ | મગફળી | ૧૧૭૫ | ૧૩૧૩ |
| ૩ | ઘઉં | ૫૩૪ | ૫૫૬ |
| ૪ | ચણા | ૯૯૦ | ૯૯૦ |
| ૫ | ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૬ | સોયાબીન | ૮૬૬ | ૮૬૬ |
| ૭ | શીંગદાણા | ૧૦૫૧ | ૧૫૦૦ |
| ૮ | તુવેર | ૧૫૫૧ | ૧૬૫૧ |
| ૯ | મકાઈ | ૪૫૪ | ૪૫૪ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૯૪ |
| ૨ | ચણા | ૯૪૫ | ૯૮૦ |
| ૩ | મગફળી | ૯૦૦ | ૧૩૩૦ |
| ૪ | ધાણા | ૧૨૧૦ | ૧૨૪૩ |
| ૫ | બાજરો | ૫૧૧ | ૫૧૧ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૬ | ૫૬૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૧ | ૫૬૭ |
| ૮ | સોયાબીન | ૮૩૦ | ૮૮૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૩૩૧ |
| ૧૦ | લસણ | ૨૪૦૫ | ૨૪૦૫ |
| ૧૧ | તલ સફેદ | ૨૦૦૫ | ૨૮૦૫ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૦ | ૧૪૮૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૫ | ૯૯૮ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૬ | ૧૪૫૬ |
| ૨ | મગફળી | ૧૦૨૧ | ૧૨૪૭ |
| ૩ | ચણા | ૯૭૦ | ૯૭૦ |
| ૪ | જુવાર પીળી | ૪૫૦ | ૪૫૦ |
| ૫ | જુવાર સફેદ | ૭૮૦ | ૭૮૦ |
| ૬ | ધાણા | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૭ | તુવેર | ૧૭૬૦ | ૧૭૬૦ |
| ૮ | બાજરો | ૩૧૫ | ૪૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૯૦ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૫૨૫ | ૩૦૨૬ |
| ૩ | તલ પીળા | ૪૦૪૧ | ૪૦૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૫ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૫૧૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૭૧૪ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૯૫૦ |
| ૮ | મગ | ૧૮૦૦ | ૨૦૪૦ |
| ૯ | તુવેર | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૧૦ | ચણા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૧ | જીરૂ | ૫૧૦૦ | ૫૧૦૦ |
| ૧૨ | એરંડી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | સોયાબીન | ૫૭૧ | ૮૭૪ |

# અમરેલીની ઓકસફર્ડ સ્કુલ ખાતે તલાટી કમ મંત્રીનો તાલીમનો વર્ગ યોજાયો



અમરેલીની ઓકસફર્ડ સ્કૂલ ખાતે અમરેલી જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ તથા જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયાની સૂચનાથી નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી.એચ. કોટક તથા અર્પણભાઈ ચાવડાના માર્ગદર્શન નીચે મહેકમ શાખા જિલ્લા પંચાયત કચેરી અમરેલીના કર્મચારીઓની ટીમની જહેમત અને જિલ્લા તલાટી મંડળના સંકલનથી નવા નિયુક્ત થયેલા તલાટી કમ મંત્રીઓ ગ્રામ્ય કક્ષાએ પોતાની ફરજ સારી રીતે નિભાવી શકે ગ્રામ્ય લેવલે સરકારની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડીને ખરા અર્થમાં ગુડ ગવર્નન્સ કેવી રીતે લાવી શકાય તે અંગેની તાલીમ યોજાઈ હતી આ તાલીમમાં નવા નિયુક્ત થયેલા અંદાજિત ૨૧૫ તલાટી મંત્રીઓની એક દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક હાજર રહ્યા હતા તથા તાલીમ આપનાર તરીકે જયેશભાઈ કટેશીયા ભાવેશભાઈ ભાલીયા વિજયભાઈ બાવનીયા મિલનભાઈ કટારીયા પાર્થિવભાઈ જોશી નિવૃત તલાટી મંત્રી નિમાવત બાપુ તથા દર્શનભાઈ સરખેદી વિવિધ ટીમના સભ્યોએ અલગ અલગ મુદ્દે નવા તલાટીઓને તેમની ફરજો અને કામગીરી કરવાની પદ્ધતિ વિશે વિગતવાર સમજૂત કર્યા હતા અંતમાં પ્રશ્નોત્તરી વિભાગ બાદ જિલ્લા વિકાસ અધિકારી ગુરવ નવનિયુક્ત તલાટીઓને શુભેચ્છાઓ અને જરૂરી માર્ગદર્શન આપી પોતાની ફરજ સારામાં સારી રીતે કેવી રીતે નિભાવી શકે તે અંગે સમજુત કર્યા અને સારૂ કામ કરનારને પીઠ થાબડવાની બાહેધરી આપી હતી તેવું અમરેલી જિલ્લા તલાટી મંડળના પ્રવક્તા અને મીડિયા કન્વીનર દર્શન સરખેદીની યાદીમાંથી

### ૧૨ જાન્યુઆરી, ''રાષ્ટ્રીય યુવા દિવસ''


## યુવા પેઢી, આધુનિક પેઢી એ દરેક સમસ્યાનો સામનો સિંહની જેમ કરશે એવી મારી શ્રદ્ધા છે : સ્વામી વિવેકાનંદ

### જે દેશનું યુવાધન મજબુત, એ દેશનું ભવિષ્ય મજબુત

દર વર્ષે સ્વામી વિવેકાનંદનાં જન્મ દિવસને યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સંયુકત રાષ્ટ્ર સંઘનાં નિર્ણયાનુસાર ઈ.સ. ૧૯૮૫નાં વર્ષને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ ઘોષિત કરવામાં આવ્યું.

આ ઘટનાનો મહત્વનો વિચાર કરતાં ભારત સરકાર તરફથી પણ ઘોષણા કરવામાં આવી કે ઈ. સ. ૧૯૮૫થી ૧૨ જાન્યુઆરી એટલે કે યુવાનોનાં એક આદર્શ એવા સ્વામી વિવેકાનંદ જયંતીનો દિવસ 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે દેશભરમાં સર્વત્ર મનાવવામાં આવશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક, આર્થિકથી લઈને રાજકીય મુદ્દાઓ પર યુવાનોની ભાગેદારી અને તેમના વિચારો પર ચર્ચા કરવાનો છે. દેશની સફળતાનો આધાર ત્યાં વસતા લોકો પર હોય છે. ભારત જેવા દેશમાં જયાં મોટા ભાગની વસ્તીમાં યુવાનો વસતા હોય, જે દેશ પાસે કાર્યક્ષમ કર્મચારી તરીકે યુવાધન હોય ત્યારે આ દિવસથી વધુ મહત્વનું તો બીજું શું હોય શકે ? આ દિવસે યુવા–આગેવાની હેઠળની સંસ્થાઓ, સરકારો, યુવાનો અને અન્ય લોકો કે જે શિક્ષણમાં પરિવર્તન લાવવા અને વિશ્વવ્યાપી યુવાનોને ઉત્થાન અપાવવા માટે કામ કરી રહ્યા છે તેની ઉજવણી કરે છે.

યુવા દિવસ એ યુવાનોને સમાવતા સાંસ્કૃતિક અને કાનૂની મુદ્દાઓને સ્થાપિત કરવા માટે બનાવવામાં આવેલ એક જાગૃતિ દિવસ છે. વર્તમાન સંજોગો જોતા



રાજનીતિમાં યુવાનોનું જોડાણ કરવું ખુબ જરૂરી છે, જેનાથી ભવિષ્ય માટેની સારી અને દુર્ગામી નીતિઓ ઘડી શકાય, આ જોડાણથી યુવાનોમાં એક વિાસ અને દેશ માટે કંઈક કાર્ય કરવા માટેનાં ઉત્સાહને પ્રજવલિત કરવામાં ફાળો આપી શકાય છે.

વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચર્ચાઓ, પ્રદર્શનો, મેળાઓ, પરિષદો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કરીને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે એક મહત્વનો દિવસ છે. આજના સમયમાં કેટલાક વિકસિત દેશો પોતાનાં યુવાધનને આધુનિકતાની છબી બતાવતા ગેરમાર્ગે પણ દોરી જાય છે. યુવાધનને પોતાના પ્રચારનાં માધ્યમ તરીકે વાપરવું એ આવનાર ભવિષ્યમાં વિશ્વનાં અન્ય દેશો સાથે હરીફાઈમાં ટકી રહેવામાં એક મોટી મુસીબત સમાન છે. આજનું યુવાધન પણ પોતાની વિચાર શકિતને સમજવાને બદલે કેટલાક અંશે દેખાડાની વિચારધારાને અનુસરી રહ્યું છે. રીયલ લાઈફ અને રીલ લાઈફ એનું જ પરિણામ છે. જયારે કોઈ આગવું સ્થાન ધરાવતી યુવા વ્યકિત જે પગલું ભરે છે તેને અનુસરવા માટે બીજા પ્રયત્નો કરતા થઈ જાય છે, જે કેટલાક સારા પરિણામ પણ આપે અને ખોટા પરિણામ પણ આપે છે.

આજનાં યુવાધન માટે સહનશકિત એ કયાંક ઓછી થતી જણાઈ રહી છે, નાની વાતમાં મોટા પગલાં ભરવા, જેનાથી તે પોતાને નુકશાન પહોંચાડી રહ્યા છે. યુવાધનનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો દરેક દેશ પ્રગતિનાં પંથ પર આગળ આવી શકે છે. ઘણા દેશમાં યુવાઓ માટે અલગથી યોગ્યતા મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. જેથી યુવામાં રહેલ ખૂબીને જાગૃત કરવી સરળ બની રહે છે. યુવા પેઢી, આધુનિક પેઢીએ દરેક સમસ્યાનો સામનો સિંહની જેમ કરશે એવી મારી શ્રદ્ધા છે – સ્વામી વિવેકાનંદ

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)


## બગસરામાં ડીવાયએસપી દ્વારા બજારમાં ફૂટ પેટ્રોલિંગ કરાયું

બગસરા, તા. ૧૧, બગસરા પોલીસ દ્વારા મકરસંક્રાંતિ તહેવાર તથા બગસરામાં ઉત્સવ હોવાને કારણે બગસરના મુખ્ય માર્ગો પર જેવા કે વિજય ચોક, સ્ટેશન રોડ, બસ સ્ટેન્ડ, મેઈન બજાર, હોસ્પિટલ રોડ, થાણા રોડ વિગેરે વિસ્તારો પર ડીવાયએસપી સોલંકી, પી.આઈ. પારગી, પીએસઆઈ પોલીસ કાફલા સાથે બગસરાના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું જે તસવીરમાં નજરે પડે છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## ગીરીયા ખાતે વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરી



અમરેલી, તા. ૧૧

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શેડુભારના ગીરીયા ગામે વાહક જન્ય રોગ નિયંત્રણ અંતર્ગત ગામમાં ઘરે ઘરે પાણીની ટાંકીમાં પોરાભક્ષક ગપ્પી માછલી મુકેલ જેથી મેલેરિયા ડેન્ગ્યુ, ચિકનગુનિયા રોગો સામે લોકોને રક્ષણ મળે.

આ તકે શેડુભારના મેડિકલ ઓફિસર પ્રિયાંક ધોળકિયા તેમજ જીતેન્દ્ર બોરીચાના માર્ગદર્શન નીચે તેમજ સુપરવાઈઝર કિરીટભાઈ વનરા તેમજ સ્થાનિક આરોગ્ય કર્મચારી કેયુરભાઈ મારૂના સહયોગથી કામગીરી કરવામાં આવેલ જે કેયુરભાઈની યાદીમાં જણાવેલ છે.


### શ્રી પાણિયા(દેવ) ગ્રામ પંચાયત

### જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, શ્રી પાણિયા દેવ(ગ્રા.પં.) તા.ધારી, જિ. અમરેલી. હસ્તકનો જર્જરીત કોમ્પ્યુનીટી હોલ તોડી માલસામાન લઈ જવાનું કામ કરતા અને રસ ધરાવનારાઓને જણાવવાનું કે, શ્રી પાણિયા(દેવ) ગ્રામ પંચાયત વહીવટ હસ્તકનો જુનો અને જર્જરીત ગ્રામ પંચાયત હસ્તકના જર્જરીત કોમ્પ્યુનીટી હોલ તોડી નીકળતો માલ–સામાન લઈ જઈ ખુલ્લુ ગ્રાઉન્ડ કરી આપવા માટે શ્રી પાણિયા(દેવ) ગ્રામ પંચાયત, તા. ધારી ને શ્રી તાલુકા વિકાસ અધિકારીના હુકમ નંબર તા.પં/જીર્ણ મકાન/તોડવા/મંજુરી/વશી/૧૧/૨૦૨૩ તા. ૦૧/૧૧/૨૦૨૩થી મળેલી મંજુરી મુજબની અપસેટ પ્રાઈઝ રૂા. ૨૦૭૦૦/–(વીસ હજાર સાતસો પુરા) ઉપરની જાહેર હરરાજીની બોલીથી વધારેમાં વધારે બોલી બોલનારને આ કામ આપવાનું છે. જાહેર હરરાજીમાં ભાગ લેવા માટે રૂા. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) ની ડિપોઝીટ જમા કરાવીને હરરાજીમાં ભાગ લઈ શકશે.

હરરાજી મંજુર કે નામંજુર કરવાના અધિકાર સરપંચશ્રી, શ્રી પાણિયા (દેવ) ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

**હરરાજીની તારીખ : ૧૬/૦૧/૨૦૨૪, સમય : ૧૧–૦૦ કલાકે**
**:: જાહેર હરરાજીનું સ્થળ::**
શ્રી ગ્રામ પંચાયત કચેરી, પાણિયા(દેવ) તા.ધારી, જી.અમરેલી.
**ઈમલાની અપસેટ રૂા.૨૦૭૦૦/– થી વધુ નક્કી કરેલ છે.**

જાહેર હરરાજીની બોલીઓ અને શરતો સ્થળ ઉપર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. કોઈપણ સંજોગોવસાત જાહેર હરરાજી બંધ રહે તો પછીની તારીખે આજ સ્થળે જાહેર હરરાજી કરવામાં આવશે.

સ્થળ : પાણિયા(દેવ) ગ્રા.પં.
તા. ૧૬/૦૧/૨૦૨૪

(ચંપુભાઈ અનકભાઈ વાળા)
સરપંચશ્રી
ગ્રામ પંચાયત પાણિયા(દેવ)


### અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓની માઠીદશા

## બગસરાના મુંજીયાસર નજીક ઇનોવા કાર હડફેટે આવી જવાથી સિંહણ ઇજાગ્રસ્ત

### વન અને પોલીસ વિભાગ ઘટના સ્થળે પહોંચ્યો

અમરેલી, તા. ૧૧

બગસરાના મુંજીયાસર નજીક પસાર થઈ રહેલ સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોની ઈનોવા કાર હડફેટે આવી જવાથી સિંહણને પગ અને કમરના ભાગે ઈજા થતા જુનાગઢ ખાતે સારવાર માટે ખસેડવામાં આવી છે અને ઈનોવા કારને પણ મોટુ નુકસાન થયાનું જણવા મળેલ છે.

બનાવ બાદ વન અને પોલીસ વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને માર્ગની બંને બાજુ ટ્રાફિક જામ થયો હતો.




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા

## અમરેલીમાં યોજાયેલ ૧૪મો નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

### રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત



અમરેલી, તા.૧૧

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા તેમજ સુદર્શન નેત્રાલય – અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર – મુંબઈનાં આર્થિક સહયોગથી તા.૧૧/૧/૨૦૨૪ ને ગુરૂવારે બપોરે ૩ કલાકે અમરેલી શહેરનાં નગરજનો માટે લાયન્સ હોલ અમરેલીમાં ૧૪મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ નિદાન કેમ્પમાં ૪૩ દર્દીઓની આંખનાં તમામ રોગોની તપાસ નિષ્ણાંત ડો.પલક મોદી દ્વારા કરવામાં આવેલ અને જરૂરીયાતમંદ ૧૫ દર્દીઓને મોતિયાનાં ટાંકા વગરનાં ઓપરેશન કરી નેત્રમણી આરોપણ વિનામૂલ્યે કરી આપવામાં આવેલ હતા. આ કેમ્પમાં સામાજીક અગ્રણી રાજુભાઈ સરખેદી ઉપસ્થિત રહયા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા સેક્રેટરી લાયન રૂજુલભાઈ ગોંડાલીયા, લાયન એમ.એમ.પટેલ, લાયન રમેશભાઈ ગોલ, લાયન વિનોદભાઈ આદ્રોજા, લાયન જયેશભાઈ પંડયા, લાયન સાહસ ઉપાધ્યાય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ અને તેમની નર્સિંગ ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રા.એમ.એમ.પટેલની યાદી જણાવે છે.

# બાબરાનાં અમરાપરા ખાતે અક્ષતનું આસ્થાભેર સ્વાગત



તસ્વીર : પંકજ ઇન્દ્રોડીયા–બાબરા

બાબરા ના અમરાપરા ગામે આજે અક્ષતનું આગમન.. અમરાપરા રામભકતોએ ધૂન ઢોલ નગારા સાથે જોરદાર અક્ષતનું સ્વાગત કર્યુ હતું. મોટી સંખ્યામાં અમરાપરા ગામનાનાં રામભકતો જોડાયાં હતાં તો બીજી તરફ બાબરા તાલુકા ગરણી અને થોરખાણમાં અક્ષતના વધામણાં કરવામાં આવ્યા હતાં.

## શિક્ષણ જગતને પ્રોત્સાહન આપવા માટે ભામાશાઓ મદદે આવ્યા બાદ

# સાવરકુંડલાનાં આંબરડી ખાતે શાળાનાં આધુનિક મકાનનું આજે લોકાર્પણ

**સ્વામી વિવેકાનંદનાં જન્મદિન એટલે કે ''વિશ્વ યુવા દિને'' આગેવાનોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાશે**

**શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અન્ય દાતાઓનાં સહયોગથી માત્ર ૯ મહિનામાં શાળાનાં મકાનનું થયું નિર્માણ**

**ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક વેકરિયા, સાંસદ, ધારાસભ્ય તેમજ અધિકારીગણ પણ ઉપસ્થિત રહેશે**

**શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલનાં ટ્રસ્ટી દીપક માલાણી સહિતનાં ટ્રસ્ટીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે**

આંબરડી, તા. ૧૧

સાવરકુંડલા તાલુકાના આંબરડી ખાતે આવતીકાલે ૧૨ જાન્યુઆરીના સાંજે ૭ કલાકે શ્રી આંબરડી માધ્યમિક શાળાના વિશાળ પટાંગણમાં વિયુવા દિવસના રોજ રાજકીય દિગ્ગજો, ઉચ્ચ અધિકારીઓ, વતનપ્રેમી ઉદ્યોગપતિઓ, ખાસ આમંત્રિત મહેમાનોની વિશેષ ઉપસ્થિતિમાં 'શ્રી આંબરડી માધ્યમિક શાળા' નો 'જાજરમાન અને ઝાકઝમાળ વચ્ચે લોકાર્પણ સમારોહ કાર્યક્રમ'નો પ્રારંભ થશે. કેળવણી મંડળના પ્રમુખ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી આયોજન સમિતિ દ્વારા બહાર વસતા રાજય અને દેશના ખૂણે ખૂણે રહેતા કે જેઓ આ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી ચૂકયા છે તે તમામ માટે આ લોકાર્પણ સમારોહ માત્ર એક કાર્યક્રમ જ નહિ પરંતુ યંગ જનરેશન, યંગ ક્રીયેટર્સને એક આકાર આપશે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સપનું અને ટ્રસ્ટી દીપક માલાણીનો

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

## અઠવાડિયામાં પાંચ દિવસ દોડતી ટ્રેનનો રૂટ લંબાવો

# મહુવા–લીલીયા–સુરત સુપર ફાસ્ટ ટ્રેનને મુંબઈ સુધી લંબાવવામાં આવે : સાંસદ

**૧૫ કલાક સુધી ટ્રેન સુરત આરામ કરતી હોય મુંબઈ દોડાવો**

અમરેલી, તા. ૧૧

મહુવાથી સુરત વચ્ચે ટ્રેન નં. ૨૦૯૫૫/૨૦૯૫૬ અઠવાડીયામાં પાંચ દિવસ એટલે કે, રવિવાર, સોમવાર, મંગળવાર, બુધવાર અને શુક્રવારના રોજ સંચાલીત થઈ રહી છે. આ ટ્રેન મહુવા થી સાંજે ૦૭:૧૫ કલાકે ઉપડી સવારે ૦૬:૩૫ કલાકે સુરત ખાતે પહોંચે છે. તેવી જ રીતે આ ટ્રેન સુરતથી રવિવાર, સોમવાર, મંગળવાર, ગુરૂવાર અને શનિવારે રાત્રે ૧૦:૦૦ કલાકે ઉપડી મહુવા ખાતે સવારે ૦૯:૨૦ કલાકે પહોંચે છે. એટલે કે, લગભગ ૧૫ કલાક સુધી આ ટ્રેન સુરત ખાતે અનુપયોગી પડી રહે છે.



જો મહુવા–સુરત સુપરફાસ્ટ ટ્રેનને લોકહિતમાં મુંબઈ સુધી લંબાવવામાં આવે તો યાત્રીઓને મુંબઈ મહાનગર સુધીની યાત્રાનો લાભ મળી શકશે અને ૧૫ કલાક સુધી પડી રહેતી અનુપયોગી ટ્રેનનો સદ્ઉપયોગ

અનુસંધાન પાના ૬ ઉપર

## નિવાસી અધિક કલેકટરે ભૂસ્તરશાસ્ત્રી, મામલતદાર અને ડીઆઈએલઆરને સુચના આપી

# અમરેલીનાં ગૌચર સ.નં. ૩૩૪ પૈ. ૫ ની જમીનમાં થયેલ ખનનની તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરો

**આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાની રજૂઆત બાદ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧૧

અમરેલીનાં સાંસદનાં નિવાસસ્થાન નજીક આવેલ ગૌચર સં.નં. ૩૩૪ પૈ. ૫ ની જમીનમાંથી ગેરકાયદેસર ખનન કરનાર સામે કાર્યવાહી કરવાની માંગ નાથાલાલ સુખડીયાએ કલેકટર સમક્ષ કરતાં તેને અનુલક્ષીને અધિક કલેકટરે ભૂસ્તરશાસ્ત્રી, મામલતદાર અને ડીઆઈએલઆરને પત્ર પાઠવીને જરૂરી કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આપના તરફથી રજૂ થયેલ અહેવાલમાં સ.નં. ૩૩૪ પૈ. ની જમીન ગૌચર સદરની હોઈ, સદરહું ગૌચરની જમીનમાંથી સાદી માટી ખનીજનું ખનન ગેરકાયદેસર રીતે થયેલ હોવાનું જણાવેલ છે. તેમજ ગૌચરની જમીનમાંથી થયેલ ખનનવાળા વિસ્તારમાંથી પાણીનો નિકાલ થયા બાદ સાદી માટી ખનીજના કેટલા મેટ્રીક ટન જથ્થાનું ખનન થયેલ છે? તે નકકી કરી શકાય. ત્યારબાદ સદરહું ગૌચરની જમીનમાં ખનન કરનાર કસુરદારો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

જે સબંધમાં જણાવવાનું કે, છેલ્લા ઘણા સમયથી વરસાદ નથી

અનુસંધાન પાના ૬ ઉપર

## ચરખા ગામનાં ખેડૂત દ્વારા થયો વેંચાણનો પ્રારંભ

# અમરેલી : માર્કેટયાર્ડમાં સિઝનનાં નવા ચણાની આવક શરૂ થઈ

**પ્રતિ મણનો ભાવ રૂપિયા ૧૦૮૧ પ્રાપ્ત થયો**

અમરેલી, તા. ૧૧

અમરેલીમાં સાવરકુંડલા રોડ ખાતે બનેલ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી, નવા માર્કેટ યાર્ડમાં ગત તા. ૧૧/૦૧/૨૦૨૪ ને ગુરૂવારનાં રોજ સિઝનના નવા ચણાની આવક શરૂ થઈ હતી. જેમાં લાલજીભાઈ વિનુભાઈ માંજુસા રે. ચરખા ગામનાં ખેડૂત, કમિશન એજન્ટ શ્રી હર્ષવીર ટ્રેડીંગની દલાલીમાં અંદાજીત ૨૦ મણ જેટલા ચણા લઈને આવેલ હતાં અને નવા ચણાની ખરીદી વેપારી છોટાલાલ પોપટલાલ દ્વારા કરવામાં આવેલ હતી. જેના પ્રતિ મણનો ભાવ રૂા. ૧૦૮૧/– સુધી થયેલ. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવા ચણા ની આવક શરૂ થઈ ગયેલ છે અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબારયાદીમાં જણાવ્યુ હતું.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટનો ભાવ (૧૦ ગ્રામ)
55,250/-
૨૨ કેરેટ ભાવ જાણવા માટે આ નંબર પર મિસકોલ કરો
૯૫૫૫૮ ૧૧૧૬૬
એ–૧૯, ઇન્દીરા શોપીંગ સેન્ટર, ટાવર રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૭૭૦/૨૨૬૮૬૮
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



પૂજયશ્રી ગોવાભાઇ કાળાભાઈ મારૂ (ઉ.વ.૯૩)
સ્વ.તા. ૩-૧-૨૦૨૪ બુધવાર
પ્રમુખશ્રી : બાબરા તાલુકા અનુ.જાતિ સામુ.ખેતી સહ.મં.લી.
જીવન એવું જીવી ગયા સૌને રડાવી ચાલ્યા ગયા, સમાજ આજ નોંધારો થયો,
તમ વિના અમે વેંગળા થયા. ગરીબોના બેલી અને સમાજના તારણહાર
તમ વિના સુનો થયો અમારો આ પાંચાળ
ભંડઓત્સવ (કારજ વિધી) તા. ૧૩-૦૧-૨૦૨૪ ને શનિવારના રોજ રાખેલ છે.
સાંજે રામાપીરનો પાઠ, મહાપ્રસાદ તેમજ સંતવાણી કાર્યક્રમ રાખેલ છે.
સ્થળ : આંબેડકરનગર, બાબરા, જી. અમરેલી.
લી.
ખીમજીભાઇ ગોવાભાઇ મારૂ (પુત્ર)
(પૂર્વ પ્રમુખ : ન.પા. બાબરા)
રાજેશભાઇ ગોવાભાઇ મારૂ (પુત્ર)
ભરતભાઇ ગોવાભાઇ મારૂ (પુત્ર)
હિતેશભાઇ ગોવાભાઇ મારૂ (પુત્ર)
નિર્મળાબેન મગનલાલ સોલંકી (પુત્રી)
જયાબેન નયનભાઇ મકવાણા (પુત્રી)
મુ. બાબરા, જી. અમરેલી.




ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ખુબ ખુબ અભિનંદન



અમરેલી જિલ્લા વકીલ મંડળની ચુંટણી લડી સેક્રેટરી પોસ્ટ પર વિજેતા થવા બદલ એડવોકેટ શ્રી જે.આર. વાળા સાહેબ ને ખુબ ખુબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા...
: શુભેચ્છક :
ધારી વકીલ મંડળ
: ધારી :




નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત
વિનામૂલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા. ૧૨-૦૧-૨૦૨૪ થી તા. ૨૦-૦૧-૨૦૨૪

કાયચિકિત્સા વિભાગ: ડૉ. કૈલાસ ડાભી (M.D.AYU.), ડૉ. શુલ્યા મોહનદાસ (M.D.AYU.)
કોરોના મુકત થયા બાદ જણાતા લક્ષણોની સારવાર (Post Covid care) ડાયાબીટીસ, થાઈરોઈડ, લીવરની તકલીફ, કીડનીના રોગોની સારવાર સોરીયાસીસ, (IBS), ખીલ, સફેદ દાગ (કોઢ), જુદા જુદા મસા, વારંવાર થતા ગુમડાની સારવાર, ફોડો, એલર્જી જેવા રોગોની સર્વ શ્રેષ્ઠ સારવાર

સ્ત્રીરોગ વિભાગ: ડૉ. ગાંધાલી (M.S.AYU.), ડૉ. શિલા પંત (M.S.AYU.)
સ્ત્રીઓના પ્રસૃતિ તથા નિઃસંતાનપણુ, જાતીય નબળાઈ, સ્ત્રીઓની માસિક-સંબંધી તકલીફો તેમજ શરીર ધોવાવું, ગર્ભ સંસ્કાર તથા ગુપ્ત રોગોની સર્વશ્રેષ્ઠ સારવાર

બાળરોગ વિભાગ: ડૉ. ધન્યા રાજ (M.S.AYU.)
બાળકોના વજનના વધતુ હોય તથા બાળકોના શરીરનો વિકાસ ન થતો હોય તેની પંચકર્મ સારવાર, બાળકોને પેટના રોગ પ્રતિકારક શક્તિ અને બુદ્ધીશક્તિ વધારવા માટે તેમજ બાળકોના માનસિક રોગો, પથારી પલાળવી, ઓછી યાદ શક્તિ તથા બાળકના વૃદ્ધિ-વિકાસ માટે સુવર્ણપ્રાશન

શાલક્ય વિભાગ: ડૉ. ભૂમિ મહેતા (M.S.AYU.), ડૉ. પૌસ પૌલોસ (M.S.AYU.)
આંખ, નાક, કાન, ગળુ, આંખના નંબર ઘટાડવા માટે અક્ષિતર્પણ જેવી પ્રાચીન પદ્ધતિથી સારવાર ઉપરાંત નસ્ય કર્ણપુરણ, કવલ, ગંડુષ જેવા ક્રિયાકલ્પો દ્વારા અન્ય રોગોની સારવાર, મોં અને શીરો રોગની સારવાર તેમજ ખાસ કરીને સૌંદર્યલક્ષી રોગો જેવા કે ખીલ, વાળ ખરવા, ફોડો, ડાઘ, ઉંદરી તથા નાની ઉંમરે થતાં સફેદ વાળની સારવાર

શલ્ય વિભાગ: ડૉ. ફારૂક અહમદ (M.S.AYU.), ડૉ. કાજલ બગડા (M.S.AYU.)
કપાસીનો સચોટ, હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસૂત્રથી ઓપરેશન તથા સારવાર રાહતદરે
મૂત્રાશયની પથરી, અલ્પમૂત્રતા ઉનવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્ય રોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવ્રણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર, લાંબા સમયથી ન રૂજાતા ઘા ની જળો દ્વારા સારવાર

આયુર્વેદિક પંચકર્મ વિભાગ: ડૉ. હિરલ ગોહેલ (M.D.AYU.), ડૉ. જયંત મારપાલિકર (M.D.AYU.)
ગાદીનો ઘસારો, પક્ષઘાત, માથુ દુખવું, ગાઉટ (ગઠીયો વા), ઉંઘ ન આવવી, માનસિક તણાવ, ઓબેસીટી, વાળ ખરવા, ખીલ વગેરે રોગોની પંચકર્મની સારવાર

પેરાલીસીસ, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર
- પંચકર્મ સારવાર - વિરેચન - બસ્તિ નસ્ય - શિરોધારા - શિરોબસ્તિ - પિંડ સ્વેદન - અભ્યંગ સ્વેદન - સાંધાના દુઃખાવા - સાઈટીકા - સ્નાયુના દુઃખાવા - અગ્નિકર્મ દ્વારા સારવાર....
સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ – ૨૨૪૫૨૫
દવા તદ્દન ફ્રી આપવામાં આવશે


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)